કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂ. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૦૬ જૂન, ૨૦૨૫ શુક્રવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૧૬◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ-૧૧◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### સતત ત્રીજી વખત વ્યાજદરમાં કરાયો ઘટાડો

# મધ્યમવર્ગ માટે ખુશખબર : લોનધારકોને રાહત

## આરબીઆઈ દ્વારા રેપોરટ ૫.૫૦ ટકા કરાયો : રેપોરેટ ઘટતા હોમલોન સસ્તી થશે



(એજન્સી દ્વારા) મુંબઈ: રેપો રેટ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય નીતિ સમિતિ ની તાજેતરની બેઠક પછી રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ ૬ જૂન, ૨૦૨૫ ના રોજ જાહેરાત કરી હતી કે હવે રેપો રેટ ૬% થી ઘટીને ૫.૭૫% થયો છે. આ સતત ત્રીજી વખત છે જ્યારે RBI એ રેપો રેટ ઘટાડ્યો છે.

પરિણામે, લોકોને હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન પર હવે ઓછી વ્યાજદરમાં લોન ઉપલબ્ધ થશે, જે ઈંઈ ઘટાડશે અને લોકો માટે નાણાંકીય દબાણ ઘટાડશે.

આ નિર્ણયથી બજારમાં માંગ વધશે અને અર્થતંત્રમાં ગતિવિધી તેજ બનશે તેવી શક્યતા છે. લોન વધુ કિફાયતી બને એટલે રહેણાંક, વાહન અને ખરીદી સંબંધિત બજારોમાં સકારાત્મક અસર જોવા મળી શકે છે.

આગળના દર ઘટાડાની વાત કરીએ તો, ફેબ્રુઆરી ૨૦૨૫ અને એપ્રિલ ૨૦૨૫ માં પણ PBI એ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. જાન્યુઆરી ૨૦૨૫ સુધી રેપો રેટ ૬.૫૦% હતો, જે હવે ઘટાડીને ૫.૭૫% પર આવી ગયો છે.પાંચ વર્ષ બાદ પ્રથમ વખત રેપો રેટમાં ઘટાડો ફેબ્રુઆરી ૨૦૨૫માં થયો હતો. તેના પહેલા ૨૦૨૦ના કોરોનાકાળ દરમિયાન RBI એ રેટમાં ઘટાડો કર્યો હતો. ત્યારબાદ જૂન ૨૦૨૩ સુધી સતત વધારો થયો હતો.

રેપો રેટ ઘટવાથી લોન ધારકોને સીધી અસર થશે. નવો વ્યાજદર લાગુ પડતાં ઈમિડિયેટ લોન રીવ્યૂ અને નવો રિપેમેન્ટ પ્લાન તૈયાર થઈ શકે છે. ઓછા વ્યાજદરમાં લોન લેવાનું પ્લાન કરતા ગ્રાહકો માટે હવે યોગ્ય સમય છે.

આ નીતિ પગલાંથી દેશના અર્થતંત્રને ઊર્જા મળશે અને બજારના વિવિધ ક્ષેત્રોમાં પડકારો વચ્ચે સ્થિરતા લાવવાની આશા વ્યક્ત થઈ રહી છે.

## ઓપરેશન સિંદુર બાદ પીએમની પ્રથમ કાશ્મીર મુલાકાત

# ભારતના 'જન્નત'ને મોદીની મોટી વિકાસ ભેટ




### જમ્મુ કાશ્મીરમાં કેન્દ્ર સરકારે ૪૬ હજાર કરોડના પ્રકલ્પોની આપી સોગાદ : વિશ્વનો સૌથી ઉંચો ચિનાબ રેલ બ્રીજ ખુલ્લો મુકયો : વંદે ભારત ટ્રેનને પીએમએ આપી લીલીઝંડી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી :ભારતના જન્નત કાશ્મીરને આજ રોજ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર દ્વારા મોટી વિકાસભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચિનાબ રેલવે બ્રીજ કે જે દુનીયાનો સૌથી મોટો રેવલે બ્રીજ છે તેને ખુલ્લો મુકયો છે તેની સાથે જ અહીથી એક

અનુસંધાન પાના નં.૪ પર

# અપીલ વિના હાઇકોર્ટ પોતાની મેળે સજા વધારી શકે નહિ : સુપ્રીમ કોર્ટ

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કોઈપણ મામલે જો પીડિત, ફરિયાદી અથવા રાજ્ય સરકારે કોઈ કેસમાં સજા વધારવા અથવા નવા આરોપમાં દોષિત ઠેરવવા માટે અપીલ ન કરી હોય, તો હાઈકોર્ટ પોતાની રીતે આમ કરી શકતી નથી. સુપ્રીમ કોર્ટે નાગરાજન નામના વ્યક્તિની અપીલ પર આ નિર્ણય આપ્યો હતો, જેણે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચના આદેશને પડકાર્યો હતો.હાઈકોર્ટે તેને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો (આઈપીસીની કલમ ૩૦૬) દોષિત ઠેરવ્યો હતો અને તેને ૫ વર્ષની સખત કેસની સજા



ફટકારી હતી.નાગરાજન પર તેની મહિલા પાડોશીના ઘરમાં ઘૂસીને તેની સાથે છેડતી કરવાનો આરોપ હતો. આ ઘટના ૧૧ જુલાઈ, ૨૦૦૩ ની છે. બીજા જ દિવસે મહિલાએ તેના બાળક સાથે આત્મહત્યા કરી હતી. ટ્રાયલ કોર્ટે નાગરાજનને કલમ ૩૫૪ (સ્ત્રી પર હુમલો અથવા ગુનાહિત બળજબરી) અને કલમ ૪૪૮ (ઘરને ખોટી રીતે રોકવી) હેઠળ દોષિત ઠેરવ્યા હતા પરંતુ કલમ ૩૦૬ (આત્મહત્યા માટે ઉશ્કેરવું)માંથી તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. નાગરાજને પોતાને નિર્દોષ જાહેર કરવા માટે હાઈકોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ હાઈકોર્ટે તેમને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો દોષી ઠેરવ્યો હતો અને તેમની સજામાં વધારો કર્યો હતો. આ અંગે, નાગરાજને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન, જસ્ટિસ બી.વી. નાગરાજન અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કહ્યું, જો પીડિત, ફરિયાદી અથવા રાજ્યએ

અનુસંધાન પાના નં.૪ પર

# 'જે કંઈ પણ થઈ રહ્યું તેનો હું જ બાપ-દાદા છું..., હું જ જવાબદાર': રાહુલ ગાંધીએ કોંગ્રેસી કાર્યકરોને ઝાટક્યા

નવી દિલ્હી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલમાં સંગઠનને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. આ અંતર્ગત, તેઓ મંગળવારે મધ્યપ્રદેશ ગયા હતા અને બુધવારે હરિયાણા બેઠક માટે પહોંચ્યા હતા. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પછી રાહુલ ગાંધીનો હરિયાણાનો આ પહેલો પ્રવાસ હતો. આ દરમિયાન તેમણે રાજ્ય કાર્યાલયમાં જેમના જૂથવાદની ચર્ચા થઈ તે બધા નેતાઓને એકસાથે બેસાડ્યા છે. તેમજ ચૂંટણીમાં હાર બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણીમાં થયેલી હાર વિશે કોઈએ ખુલ્લીને વાત કરી ન હતી, પરંતુ બધું જ કટાક્ષમાં કહેવામાં આવ્યું હતું. ભૂપિન્દર સિંહ હુડ્ડા, જેમણે ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું અને મુખ્યમંત્રી પદની રેસમાં હતા, તેમને કુમારી શેલજાના નેતૃત્વ હેઠળના જૂથે દોષી ઠેરવ્યા. હુડ્ડા આનાથી દુઃખી થયા હોય તેવું લાગ્યું અને કટાક્ષભર્યા સ્વરમાં કહ્યું, 'જીતના ૧૦૦ બાપ હોય છે, હારનો કોઈ નથી.'હુડ્ડાએ ચૂંટણીનો ઉલ્લેખ પણ કર્યો ન હતો, પરંતુ તેમના શબ્દો પરથી સ્પષ્ટ હતું કે તેઓ ચૂંટણી પરિણામો પછીથી ચાલી રહેલા દોષના ખેલ પર પોતાનો પક્ષ મૂકવા માંગતા હતા.રાહુલ ગાંધીએ તરત જ હુડ્ડાની આ વાતનો જવાબ આપ્યો. મીડિયા અહેવાલ મુજબ, રાહુલ ગાંધીએ હુડ્ડાના નિવેદનનો પોતાની શૈલીમાં જવાબ આપ્યો

અનુસંધાન પાના નં.૪ પર

# ગુજરાત કોંગ્રેસના મહામંત્રીની સાયબર ક્રાઈમે ધરપકડ કરી

(એજન્સી દ્વારા) ગાંધીનગર : ગુજરાત કોંગ્રેસના મહામંત્રી રાજેશ સોનીની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે. કોંગ્રેસના નેતા હેમાંગ રાવલે પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે.ગુજરાત કોંગ્રેસના મહામંત્રી રાજેશ સોનીની સ્ટેટ સાયબર ક્રાઈમે મોડી રાત્રે ધરપકડ કરી છે. સૂત્રો મુજબ, વર્ષ ૨૦૨૪ માં સોશિયલ મીડિયા (Social Media Post) પર પોસ્ટ કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી



હતી.એવી પણ અટકળો છે કે કોંગ્રેસ નેતાની પત્નીની આ ધરપકડ રાજકીય દબાણ હેઠળ કરવામાં આવી છે. રાજ્ય સાયબર ક્રાઈમ દ્વારા આ મામલાની વધુ તપાસ કરવામાં આવી છે.

## ટ્રમ્પ અને મસ્ક વચ્ચે વિવાદ વકર્યો

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લાના વડા ઈલોન મસ્ક વચ્ચે વિવાદ વકર્યો છે. જેમાં વન બિગ બ્યુટીફુલ બિલને લઈને બંને સામસામે આવી ગયા છે. મસ્કે આ બિલ વિશે કહ્યું હતું કે આ બિલ અમેરિકાને નાદારીના માર્ગે લઈ જશે. જેનાથી ટ્રમ્પ તેમના પર ગુસ્સે થયા છે.ટ્રમ્પે નાસા અને ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ સાથેના સરકારી કરાર રદ કરવા અંગે પણ નિવેદન આપ્યું છે. આના પર પ્રતિક્રિયા આપતા મસ્કે કહ્યું કે હવે સ્પેસએક્સ તાત્કાલિક તેના ડ્રેગન અવકાશયાન મિશનને બંધ કરશે.

# ભારત પુરાવા વગર 'ઓપરેશન સિંદૂર' કરે જ નહીં

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ભારતના બહુપક્ષીય પ્રતિનિધિ મંડળ સાથે કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અમેરિકા પહોંચ્યા છે. દુનિયા સમક્ષ પાકિસ્તાનની નાલાયકીની પોલ ખોલવા નીકળેલા શશિ થરૂરનો સામનો તેમના પત્રકાર દીકરા સાથે થયો હતો. પત્રકાર દીકરાએ થરૂરને સણસણતો સવાલ પૂછી નાખ્યો હતો કે, પાકિસ્તાન પર આક્ષેપ કરતાં પહેલા ભારતીય પ્રતિનિધિઓએ પહેલગામ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા માગ્યા હતા ખરા? જવાબમાં થરૂરે કહ્યું હતું કે, સજ્જડ પુરાવા વગર ભારત 'ઓપરેશન સિંદૂર' કરે જ નહીં. થરૂરનો દીકરો ઈશાન વોશિંગ્ટન પોસ્ટમાં ગ્લોબલ અફેર્સ કોલમિસ્ટ છે. થરૂરે તેને કહ્યું હતું કે, પૂરતા પુરાવા ન હોય તો આ પ્રકારના ઓપરેશનને મંજૂરી આપી શકાય નહીં. કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ ખાતે વાતચીત દરમિયાન સવાલ સાંભળતા થરૂર હસી પડ્યા હતા અને કહ્યું હતું કે, આ મારો દીકરો છે અને તે ચોક્કસપણે પર્સનલ કેપેસિટીમાં સવાલ પૂછી રહ્યો છે.

# રાજયના નાગરિકો સાથે કનેક્ટ થવા ગુજરાત પોલીસની નવી પહેલ

- ગુજરાત પોલીસની એક અનોખી અને અદ્યતન પહેલ
- સૂચનોને સંવેદના સાથે જવાબદારીપૂર્વક સાંભળવી
- જે પણ લોકો પોસ્ટ કરે છે તેની ફરિયાદનો યોગ્ય સમયમાં નિર્ણય આવે છે
- ત્રણ મહિનામાં ૩૧૦થી વધુ સમસ્યાઓનો સકારાત્મક નિકાલ
- જવાબદાર અને ટેકનોલોજીથી સંલગ્ન પોલીસ વ્યવસ્થા તરફ એક મજબૂત પગલું

ગાંધીનગર :રાજ્યના નાગરિકોની રજૂઆતનું X પ્લેટફોર્મ ઉપરથી ગણતરીના કલાકોમાં નિરાકરણ લાવવા ગુજરાત પોલીસની સમયને અનુરૂપ પહેલ, સોશિયલ મીડિયા પર લોકો દ્વારા રજૂ થતી ચિંતાઓ, ફરિયાદો અને સૂચનોને સંવેદના સાથે સાંભળી, ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડીને સમયસર તેનો ઉકેલ લાવવો આ પહેલનો મુખ્ય હેતુ છે, તા.૧લી માર્ચથી શરૂ કરાયેલી આ પહેલ અંતર્ગત ત્રણ મહિનામાં ૩૩૫ ફરિયાદો મળી અને ૩૧૦ ફરિયાદોનો સુખદ નિકાલ આવ્યો છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર થતી ગુના સંબંધિત પ્રવૃત્તિઓ તેમજ નાગરિકોની ફરિયાદોને GP-SMASHની સ્ટેટ લેવલ ડેડિકેટેડ ટીમ ૨૪x૭ રિયલ ટાઈમમાં ટ્રેસ કરે છે, તમામ જિલ્લા, રેન્જ અને એકમોમાં પણ એક અલાયદી ટીમ કાર્યરત છે, ગુજરાત પોલીસના ઓફિશિયલ X એકાઉન્ટ @ GujaratPolice ઉપર નાગરિકો ટેગ કરી શકે છે રજૂઆત, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે ગુજરાત પોલીસની એક અનોખી અને અદ્યતન પહેલ - GP-SMASH (ગુજરાત પોલીસ - સોશિયલ મીડિયા મોનિટરીંગ, અવેરનેસ એન્ડ સિસ્ટમેટિક હેન્ડલિંગ)નો તા.૧લી માર્ચ-૨૦૨૫થી આરંભ કર્યો છે.આ પહેલ અંતર્ગત ત્રણ મહિનામાં રાજ્યના નાગરિકોના ખુબ સારા પ્રતિભાવો મળી રહ્યા છે. ત્રણ મહિનામાં મળેલી ૩૩૫ રજૂઆતો-પ્રશ્નોને સંબંધિત જિલ્લા, રેન્જ કે એકમના વડાને ટેગ કરી તેનું સમયસર નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી છે. આ પહેલનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયા પર રાજ્યના નાગરિકો દ્વારા રજૂ થતી ચિંતાઓ, ફરિયાદો અને સૂચનોને સંવેદના સાથે જવાબદારીપૂર્વક સાંભળવી, ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડવી અને સમયસર તેનો ઉકેલ લાવવાનો છે .GP-SMASH સોશિયલ મીડિયા અવેરનેસ તેમજ મોનિટરીંગ પ્રોજેક્ટ

અનુસંધાન પાના નં.૪ પર

# ભ્રષ્ટાચારને લઈને રાજ્ય પોલીસ વડાની મોટી કાર્યવાહી

ગાંધીનગર : CID ક્રાઈમના આર્થિક ગુના નિવારણ શાખામાં સ્ટેટ મોનીટરીંગ સેલે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. EOWના PSI સિસોદિયાને હાલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. PSI પાસે આર્થિક ગુના નિવારણ વિભાગની ઘણી બધી તપાસો છેલ્લા ઘણાં સમયથી પેન્ડિંગ હતી. CID ક્રાઈમના EOW વિભાગની કાર્ય પદ્ધતિ સુધારવા માટે SMC હાલ તપાસ કરી રહી છે. SMC ના DIG નિર્લિપ્ત રાયને સમગ્ર તપાસ કરીને રિપોર્ટ રાજ્ય પોલીસ વડાને સોંપવામાં સૂચના આપવામાં આવી છે.



CID ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખામાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સર્ચ ઓપરેશન, PSI સિસોદિયા સસ્પેન્ડ

રાજ્ય પોલીસ વડાની સૂચનાથી ગાંધીનગર CID ક્રાઈમના આર્થિક ગુના નિવારણ વિભાગમાં તપાસ હાથ ધરવામાં આવી છે. EOWના PSI સિસોદિયા પાસે ઘણા લાંબા સમયથી

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ



# NEET PG પરીક્ષા ૩ ઓગસ્ટે યોજાશે, સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ (ને NEET PG (પોસ્ટ ગ્રેજ્યુએટ) પરીક્ષા યોજવાની સમયમર્યાદા લંબાવવાની મંજૂરી આપી છે. પહેલા આ પરીક્ષા ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ યોજાવાની હતી, પરંતુ હવે તે ૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ યોજાશે. NBE દ્વારા લેવામાં આવનારી NEET PG પરીક્ષાની તારીખમાં ફેરફાર બાદ, વિદ્યાર્થીઓને હવે વધારાનો સમય મળશે જેથી તેઓ પરીક્ષાની તૈયારી પૂર્ણ કરી શકે. સુપ્રીમ કોર્ટે આ ફેરફારને મંજૂરી આપ્યા બાદ, પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય વિદ્યાર્થીઓ માટે રાહતનો છે, કારણ કે ઘણા વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી હતી, અને હવે તેઓ થોડો વધારાનો સમય મેળવી શકશે. આ ફેરફારથી વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીમાં રાહત મળશે. ઘણા વિદ્યાર્થીઓ વિવિધ કારણોસર ૧૫ જૂનની અગાઉ નિર્ધારિત તારીખથી દબાણ અનુભવી રહ્યા હતા. હવે, વિદ્યાર્થીઓને તેમના વિષયો માટે વધુ સમય ફાળવવાની તક મળશે.

# ગુજરાતમાં બેકાબૂ કોરોના!

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલના પાંચ રેસિડેન્ટ ડોક્ટર પણ સંક્રમિત થતા હોમ આઈસોલેશનમાં રહેવાની ફરજ પડી છે. સોલા સિવિલમાં એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. સોલા સિવિલમાં સ્કીન વિભાગના ૪ અને ગાયનેક વિભાગના ૧મળી ૫ ડોક્ટરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શંકાસ્પદ લક્ષણો દેખાતા તેમનો રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ ગઈકાલે ૧૧૯ કેસ નોંધાવા સાથે કુલ એક્ટિવ કેસ ૫૦૮ થયા હતા ત્યારે હવે કુલ એકિટવ કેસ ૬૧૫ થયા છે. જેમાં ૧૫ દર્દીઓને વધુ સારવારની જરૂર પડતા હોસ્પિટલમાં રાખવા પડ્યા છે જ્યારે ૬૦૦ દર્દીઓ ઘરમા જ રહીને સારવાર લઈ રહ્યા છે.જો કે આજના દિવસમાં કોરોનાથી કોઈ મૃત્યુ નોંધાયુ નથી. અમદાવાદમાં નવા ૭૦ કેસો નોંધાયા છે અને જે સાથે શહેરમાં કુલ કેસની સંખ્યા ૪૭૧ થઈ છે.

સખી-દાતા-ગુજારીસ
દાદા દાદી
સાથી હાથ બઢાના એ અકેલા થક જાયગા
ઝકાત • લિલ્લા • હદીયા
મહેનત અને રૂપિયા થકી
વૃધ્ધ, વિકલાંગ, મંદ બુધ્ધી વ્યકતિને રોજ એક ટાઈમનું ફ્રી ભોજન
ગરીબ બહેનોને રાહત રોજગાર ગરીબની પાર્ટ ટાઈમ શાળા
મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય, ગૃહશાળા ભુજ-કચ્છ
સ્થળ : બી ડીવીજન પોલીસ સ્ટેશન પાછળ, સરપટ ગેટ અંદર ભુજ કચ્છ
સંપર્ક : આમદભા ખત્રી મો.૯૯૭૪૮૪૩૬૩૨
: આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044
સત્ય જુઓ સત્ય પરખો સત્ય અમલકરો સહકાર આપો
• ડો. શહીદાબેન અરોરા મો. ૯૭૧૨૪ ૪૯૦૯૦
• હારૂનભાઈ ખત્રી મો. ૯૯૨૫૮ ૫૪૧૭૦
કાનૂની સલાહકાર : અશોક સી. માંડલિયા (એડવોકેટ) મો. ૯૮૨૫૧ ૬૬૬૦૬

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
તંત્રી સ્થાનેથી....
જેઠ સુદ - ૧૧, તા.૦૬ જૂન, શુક્રવાર

# ભારતે વિશ્વને એકતાના દર્શન કરાવ્યા ? આ જુવાળ કાયમી બનાવો!

૨૨ એપ્રિલના પહેલગામ હુમલા બાદની સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે જયારે દેશમાં સૌનો આક્રોશ પાકિસ્તાન સામે હતો અને મોદી સરકારે પણ તેને પારખીને ડિપ્લોમેટીકથી લઇ લશ્કરી મોરચે પાકિસ્તાન માટે કદી ન સર્જાય તેવી જોઈન્ટ સ્ટ્રાઇક કરી તે પછી હવે બંદુકના નાળચા શાંત થઇ ગયા છે અને ડિપ્લોમેટીક મોરચે ધમધમાટ વધી રહ્યો છે તેનો અર્થ એ નથી કે ઓપરેશન સિંદુર પુરૂ થઇ ગયું છે.પહેલગામ હુમલા અને ત્યારબાદની પરિસ્થિતિમાં ભારતે વિશ્વને એકતાનું દર્શન કરાવ્યું અને હજુ આ પ્રક્રિયા ચાલુ જ છે પણ ભુતકાળમાં પણ આવી પરિસ્થિતિમાંથી આપણે પસાર થઇ ગયા છે અને ફરી એક વખત જૈસે થેની સ્થિતિ સર્જાય છે હવે કદાચ આ અંતિમ મોકો છે દુનિયાના દરેક રાષ્ટ્રો પોતાની ક્ષમતા નિશ્ચિત કરી રહ્યા છે અને ભારતે તો મહાસત્તાઓ સામે ઉભુ રહેવાનું છે તે સમયે હાલનો સર્જાયેલો જુવાળ એક સમયે વિયેટનામે જે રીતે અમેરિકાને ઘુંટણીયે પાડયુ તે સ્થિતિ બનવી જોઈએ ઓપરેશન સિંદુર સમયે મીડિયાની ભૂમિકા પણ ચર્ચામાં છે અનેક મીડિયાએ ભારતીય સેનાને લાહોર સુધી પહોંચાડી અને ઈસ્લામાબાદ કબ્જે કરી લેશે તેવા અહેવાલો જ ચગાવ્યા યુધ્ધનું રીપોર્ટીગ સ્ટુડીયોમાં બેસીને થયું વિડીયો ફાઈલમાંથી રોકેટો અને મિસાઈલો ઉડયા અને જે અતિશયોકિતભર્યા રીપોર્ટીગ થયા તે પણ યોગ્ય નથી, મીડિયાની ભૂમિકા લોકોને સાચી માહિતી આપવાની છે, રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબધ્ધતાને પણ અસત્ય કે અતિશયોકિત સાથે જોડી શકાય નહીં આ ઓપરેશન સમયે પોલીટીકસ પણ રમાઇ રહ્યું છે, કોઇ એક દિવસ ઝંડો લઈને બહાર નીકળો એટલે રાષ્ટ્રવાદ સર્જાઇ જશે તેવું માનવાનું ભુલ ભરેલું છે લોકો સમક્ષ એવું મોડેલ રજુ થવું જોઈએ કે દરેક સમયે તેની આંખ સામે તિરંગો હોય આ ભૂમિકા સરકાર અને વિપક્ષની છે, લોકોમાં રાષ્ટ્રભાવનાની ઉર્જા પડેલી છે પણ આપણી સિસ્ટમ એટલી તકલાદી બની ગઇ છે.

# પૂર્વ કચ્છ પોલીસવડા દ્વારા શિણાય પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વૃક્ષારોપણ કરાયું







ગાંધીધામ : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વાતાવરણમાં શુદ્ધિકરણ થાય તે માટે અનેક સ્થળ પર વૃક્ષારોપણ કરવામાં આવે છે તે મુજબ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા શિણાય ખાતે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં પોલીસવડા સાગર બાગમાર, પીઆઈ વી.આર. પટેલ, આરપીઆઇ જે.એસ. ગજેરા, પીએસઆઇ ડી.જે .પ્રજાપતિ તથા પોલીસ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. હેડક્વાર્ટરની ચારે બાજુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષોથી ભવિષ્યમાં હરિયાળી ક્રાંતિ જોવા મળશે એમ.એ.પી. બાગમારે જણાવ્યું હતું.

# રાશનકાર્ડ ઈ-કેવાયસી માટે ૯મી જુનથી ભુજમાં ખાસ કેમ્પ

ભુજ : સરકાર દ્વારા રાશનકાર્ડમાં ઈ-કેવાયસી ફરજીયાત બનાવાયું છે. ભુજ શહેરમાં એનએફએસએ કાર્ડ ધારકો પૈકી ૨૦ હજાર કાર્ડધારકોના ઈ-કેવાયસી બાકી છે. સરકાર દ્વારા આપવામાં આવતા અનાજનો જથ્થો મેળવવા માટે કેવાયસી ફરજીયાત છે. અને આ ઈકેવાસીની કામગીરી પૂર્ણ કરવા માટે ભુજ મામલતદાર કચેરી દ્વારા ઝુંબેશના ભાગરૂપે ૯મી જુનથી કામગીરી કરવામાં આવશે. જનતાને હાલાકી ન પડે તે માટે તારીખ અને ટાઈમ પ્રમાણે ટોકન તૈયાર કરાયા છે. વ્યાજબી ભાવની દુકાન ધારકોને પણ ટોકન અપાયા છે. જાહેર જનતાને વિનંતી કરાઈ છે કે, વ્યાજબી ભાવની દુકાન ધારકોનો સંપર્ક કરી ઈ-કેવાયસી માટેની તારીખ અને સમય માટે ટોકન મેળવી તેમાં જણાવેલ તારીખ અને સમય રાશનકાર્ડ અને આધારકાર્ડ સાથે મામલતદાર કચેરીમાં હાજર રહી પોતાનું ઈ-કેવાયસી પૂર્ણ કરાવી લેવા યાદીમાં જણાવાયું છે.

# ભુજ વિસ્તારમાંથી ૩૨.૬૯ લાખની વીજ ચોરી પકડાઈ

ભુજ : પશ્ચિમ કચ્છમાં વીજ ચોરી કરતા તત્ત્વો સામે પીજીવીસીએલ તંત્રએ લાલઆંખ કરી છે. ગુરુવારે ભુજ વર્તુળ કચેરીના ભુજ શહેર-૨ પેટા વિભાગ કચેરી હેઠળના વિસ્તારમાં વીજ ચેકિંગ હાથ ધરાયું હતું. પીજીવીસીએલની ૩૨ ટુકળીઓએ રહેણાકના ૯૪૧ અને વાણિજ્ય હેતુસરના ૭૯ સહિત કુલ ૧૦૨૦ વીજ જોડાણો ચકાસ્યા હતા. જેમાં ઘરવપરાશના ૪૯ અને વાણિજ્યના બે સહિત કુલ ૫૧ વીજ કનેકશનોમાં ગેરરીતિ સામે આવી હતી. પીજીવીસીએલની ટીમો દ્વારા રૂા.૩૨.૬૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. વીજ તંત્રની ઝુંબેશથી વીજ ચોરી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

# વરસામેડીની વેલસ્પન કંપનીમાં આગ લાગતા ૮૦થી ૯૦ કરોડના નુકસાનનો દાવો

## કોટનના ગોડાઉનમાં મોટા પ્રમાણમાં આગ લાગી હતી

અંજાર : તાલુકાના વરસામેડી ખાતે આવેલી વેલસ્પન કંપનીના ગોડાઉનમાં આગ લાગી હતી. બે દિવસે આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી હતી. આ ઘટનામાં ૮૦થી ૯૦ કરોડના નુકસાનનો દાવો કરાયો છે.

આ બાબતે કંપની દ્વારા અંજાર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ દાખલ કરવામાં આવી હતી. જે અંગે મળતી માહિતી પ્રમાણે ૩૦ મેના કોટનના ગોડાઉન નં.૨ મા આગ લાગી હતી. આગને પગલે ધૂમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. કંપનીના ફાયર વિભાગે પાણીનો મારો ચાલુ કર્યો. આ ઉપરાંત ગાંધીધામ, અંજાર અને અન્ય કંપનીઓમાંથી ફાયર ફાઈટર આવ્યા અને પાણીનો મારો ચાલુ કર્યો હતો. આગ એટલી વિકરાળ હતી કે, ગોડાઉનમાં મુકવામાં આવેલ કોટન તેમજ ગોડાઉનની બહાર કોટનની ગાંસડીઓ સળગીને ખાખ થઈ અને ઉપરના ભાગે દીવાલો, છત સહિત ગોડાઉન બળીને ખાખ થઈ ગયું હતું. આગ લાગવાના કારણે ૮૦થી ૯૦ કરોડના નુકસાનનો દાવો કરવામાં આવ્યો છે. આગના ધૂમાડા સતત ચાલુ હોવાથી અન્ય ગોડાઉનમાં આગ ન લાગે તે માટે ચાર-પાંચ દિવસ તકેદારી રાખવામાં આવી જે બાદ અંજાર પોલીસ સ્ટેશનમાં કંપનીના કોટન ખરીદીના આસિ. જનરલ મેનેજર મનીક વિરીન્દર ધવને જાણવા જોગ નોંધાવી હતી.

# શિવમહાપુરાણ કથાના પાવન આરંભે ભક્તિમય માહોલ છવાયો



માનકૂવા : દશનામ ગોસ્વામી સમાજના સર્વ પિતૃઓના મોક્ષાર્થે દશનામ ગોસ્વામી ઉત્કર્ષ (હિતરક્ષક) મંડળ માનકૂવા દ્વારા આયોજિત શિવમહાપૂરાણ જ્ઞાનયજ્ઞનો પવિત્ર પ્રારંભ શુક્રવારે ભવ્ય પોથીયાત્રા સાથે કરવામાં આવ્યો હતો.

પ્રથમ દિવસે કથાવક્તા પ.પૂ. નિકુલભારતી બાપુ (સાવરકુંડલા)એ શિવકથાનું શ્રવણ જીવનમાંથી આધિ, વ્યાધિ અને ઉપાધિને નાશ કરનાર હોવાનું સત્સંગી સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે, જે માણસ નિયમિત રીતે ધાર્મિક શ્રવણ કરે છે તેનું જીવન સરળ બને છે અને આત્માને શાંતિ મળે છે. વ્યક્તિએ નિર્મોહી થઈને દરેક જીવમાં પરમાત્મા જોવા શીખવું જોઈએ.

પોથીયાત્રા મહાદેવ મંદિરથી ભવ્ય રીતે રવાના માનકેશ્વર મહાદેવ મંદિર ચોકથી પૂજન - અર્ચન બાદ શણગારેલા રથમાં પવિત્ર પોથીયાત્રા રવાના થઈ હતી. યાત્રાની આગેવાની કરી હતી.દશનામ ગોસ્વામી ઉત્કર્ષ મંડળના પ્રમુખ પ.પૂ. સૂરજગિરિ વી. ગોસ્વામી, કન્વીનર માવજીભાઈ પી. ગુંસાઈ, સહકન્વીનર પ.પૂ. નારાણગિરિજી ગોસ્વામી, મહામંત્રી પ.પૂ. રાહુલગિરિ, કારોબારી સભ્યગણ પ.પૂ. દેવેન્દ્રગિરિ, પ.પૂ. અનિલગિરિ ગુંસાઈ, પ.પૂ. પ્રવીણગિરિ ગુંસાઈની આગેવાનીમાં આયોજન કરવામાં આવ્યું છે.

સંતમંડળની પાવન હાજરી અને દીપ પ્રાગટ્ય વિધિ પોથીયાત્રા અને કથાના આરંભે ધર્મસંમેલન જેમો ભક્તિમય માહોલ ઉભો થયો હતો. દીપ પ્રાગટ્ય વિધિ સંતમંડળની ઉપસ્થિતિમાં કરાઈ હતી, જેમાં ઉપસ્થિત મહાનુભાવોએ આશીર્વાદ પાઠવ્યા હતા. આચાર્ય સ્વામી શાંતિદાસ મહારાજ (કબીર - રવિભાણ પરિવાર), કલ્યાણદાસજી બાપુ (હિંગરિયા અબડાસા), મહંત નારાણગિરિજી બાલગિરિજી (જડેશ્વર મહાદેવ, મોસુણા), દિનેશગિરિજી ગુરૂ ગંગાગિરિજી (કોટેશ્વર મહાદેવ મંદિર) આધ્યાત્મિકતા અને પરંપરાનો સંદેશ આપ્યો હતો.

આચાર્ય સ્વામી શાંતિદાસ મહારાજે પોતાનું માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, “શિવમહાપુરાણએ આદિઅનાદિનો ગ્રંથ છે. સમાજના પિતૃઓ માટે આ કથા યોજી સમાજે સંસ્કાર અને પરંપરાને જીવંત રાખી છે. આવા શુભ કાર્યની પ્રેરણા મળે તે પોતે પુણ્ય છે. કાર્યક્રમનું સંચાલન અને સન્માનવિધિ સમારોહનું સંચાલન પ.પૂ. આચાર્ય શાસ્ત્રી કરણ મહારાજ તથા અનિલગિરિ કેશવગિરિ કર્યું હતું. કથા સમિતિ દ્વારા ઉપસ્થિત સંતો, મહેમાનો તથા કથાવક્તા નિકુલભારતી બાપુનો પૂજનયુક્ત સન્માન કરવામાં આવ્યો હતો.

# ભુજ લોહાણા મહાજન દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુક વિતરણ શરૂ કરાયું



દરરોજ સાંજે ૫થી ૭ દરમિયાન બુક મળી રહેશે

ભુજ : રસીક ક્તીરા પાર્ટી પ્લોટ ભુજ મધ્યે ભુજ લોહાણા મહાજનનાં સાંનિધ્યમાં બાપાદયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ નખત્રાણા અને ભુજ લોહાણા યુવા મંડળના સંયુક્ત ઉપક્રમે દરેક જ્ઞાતીના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુક વિતરણ કાર્યક્રમનું વિમોચન ભુજ લોહાણા મહાજનના પદાધિકારીઓ, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સમાજના આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજ લોહાણા મહાજનના ઉપપમુખ ઘનશ્યામ ઠક્કર, ટ્રસ્ટના જયેશભાઈ સચદે, મંત્રી હિતેષભાઈ ઠક્કર, સહમંત્રી મકુલાબેન ભીંડે, અખીલ કચ્છ લોહાણા મહાજનના મહામંત્રી નિતીનભાઈ ઠક્કર, ભુજ શહેર ભાજપ પમુખ મીતભાઈ ઠક્કર, જ્ઞાતી શ્રેષ્ટી દિનિશભાઈ ઠક્કર (ડો.પી. ઠક્કર), નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશભાઈ પલણ, માધાપર લોહાણા મહાજનના પમુખ મનોજભાઈ ઠક્કર, યુવા મંડળના પમુખ નીલભાઈ સચદે, હર્ષદભાઈ ઠક્કર (હકો), હરેશભાઈ તન્ના, કમલભાઈ કારીયા, ભાવેશભાઈ આઈયા, અરવીંદભાઈ ઠક્કર (એ.ડી.), જીગરભાઈ રાજદે મંચસ્થ રહયા હતા. મહેમાનોને મીઠો આવકાર અને આયોજનની રૂપરેખા અમીતભાઈ ચંદે આપી હતી.

આ પ્રસંગે ગીરધરભાઈ ઠક્કર, દીલીપભાઈ ઠક્કર, રશ્મીકાંત ઠક્કર, બાલકૃષ્ણ ઠક્કર, રોહિતભાઈ જોબનપુત્રા, મીત પુજારા, જયેશભાઈ ઠક્કર, વીરેન રઘુવંશી, તુષારભાઈ આઈયા, રાજેશભાઈ ચોથાણી, નવીનભાઈ પારપ્યા, બ્રિજેશભાઈ ઠક્કર ઉપસ્થીત રહયા હતા.ઘનશ્યામભાઈ ઠક્કર દ્વારા બાપાદયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી પ્રવૃતીઓની સરાહના કરી હતી. સાથે વિધા દાનને મહાદાન ગણાવતા આ નોટબુક વિતરણ ન માત્ર રઘુવંશી સમાજના લોકો પરંતુ અન્ય સમાજના લોકો પણ ફોન કરી પુછા કરતા હોય છે કે કયારે શરૂ થશે એટલે કે એક એવી સેવાની જયોત જે વસુદેવ કુટુંબકમની ભાવનાથી પ્રજવલીત થઇ અને છેલ્લા ૧૪ વર્ષથી બાપા દયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અવિરત ચાલી રહી છે અને આ પ્રવૃતી સાથે જોડાયેલ તમામ યુવાનોને અભિનંદન પાઠવતા ભવિષ્યમાં પણ આવી સેવાકીય પ્રવૃતી માટે ભુજ લોહાણા મહાજનનો સંપુર્ણ સાથ સહકાર મળી રહેશે તેવી ખાત્રી આપી હતી.અખીલ કચ્છ લોહાણા મહાજનના મહામંત્રી નીતીનભાઈ ઠક્કર દ્વારા તેમના પ્રાસંગીક ઉદબોધનમાં સંસ્થાના ટ્રસ્ટી જયેશભાઈ સચદે (બાપા દયાળુ) દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી આ પ્રવૃતી જીલ્લાભરમાં ચલાવી રહયા હોવાનું અને આ નોટબુક નખત્રાણા, માંડવી, માધાપર તેમજ અનેક તાલુકાના નાના મોટા ગામડા સુધી પહોંચતી કરી શિક્ષણમાં અમુલ્ય યોગદાન આપી રહયા છે. આ પ્રવૃતિને બિરદાવેલ અને જલારામ બાપાના આર્શીવાદથી આ પ્રવૃતિ વર્ષો વર્ષ વરશ ચાલુ રહે તે માટે શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશભાઈ સચદે (બાપાદયાળુ) એ ટ્રસ્ટ દ્વારા થતી રચનાત્મક - સેવાકીય તથા સામાજીક પ્રવૃતીની માહીતી આપી અને આ નોટબુકની વિતરણમાં ભુજ લોહાણા મહાજનના સંપુર્ણ સહકારની નોંધ લઈ આભાર વ્યક્ત કર્યો હતો. વિતરણ વ્યવસ્થામાં ભુજ લોહાણા યુવા મંડળ, રઘુવંશી સોશ્યલ ગ્રુપ, બાપાદયાળુ ગ્રુપ, સલંગ્ન સંસ્થાઓ જેની વિશેષ નોંધ લઈ આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. સાથે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક આપવાની જાહેરાત કરી હતી.

ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો.મુકેશભાઈ ચંદે અનિવાર્ય સંજોગો વસાત હાજર ન રહેતા સુભેચ્છા સંદેશ પાઠવેલ અને સંસ્થાની સેવાકીય પ્રવૃતીની સરાહના કરી મહાજનનો પુરે પુરો સાથ સહકાર આપવાની ખાત્રી આપી હતી. પૂર્વ પ્રમુખ નરેન્દ્રભાઈ મેઘજી ઠક્કર દ્વારા પણ આ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી.વિતરણ વ્યવસ્થામાં વરૂણ ઠક્કર, નમન ઠક્કર, નીખીલ ઠક્કર, રમીત નરમ, હાર્દિક ઠક્કર, અચીત ઠક્કર, વ્યોમ કારીયા, જીત કોઠારી, વિરલ ચંદે, નરેન્દ્ર ઠક્કર, ધાર્મિક જોબનપુત્રા, દર્શન અનમ, વિશાલ કોઠારી, દિલીપભાઈ ઠક્કર, રાજેશ ઠક્કર, યુવા મંડળ, બાપાદયાળુ ગ્રુપ તેમજ સંલગ્ન સંસ્થાઓના સદસ્યો સંભાળી રહ્યા છે. વિતરણ વ્યવસ્થા દરરોજ સાંજે ૫થી ૭ દરમ્યાન કરવામાં આવશે અને રવીવારે બંધ રહેશે.આ પ્રસંગે ભુજ લોહાણા મહાજન તથા સમાજની તમામ સંલગ્ન સંસ્થાઓના હોદેદારો, કારોબારી સદસ્યો તયા જ્ઞાતીના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સંચાલન જુગલ પુજારાએ કર્યું હતું. મહેમાનોનો આભાર ભુજ લોહાણા યુવા મંડળના પમુખ નીલ સચદેએ વ્યક્ત કર્યો હતો.

# માનવજ્યોત દ્વારા વિશ્વ પર્યાવરણ દિને તુલસીરોપા, કાપડની થેલી, કુંડા-ચકલી ઘર વિતરણ કરાયા



ભુજ : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા વિશ્વપર્યાવરણ દિન નિમિત્તે ભુજના જયુબીલી ગ્રાઉન્ડ, વાણીયાવાડ, શાક માર્કેટ તથા ભીડ ગેટ વિસ્તારમાં આવતા જતા રાહદારીઓને તુલસીરોપા તથા કાપડની થેલી, કુંડા-ચકલીઘર વિતરણ કરાયા હતા. તેમજ લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવીને ઉછેરવા તથા તેનું જતન કરવા અપીલ કરાઈ હતી.

માનવજ્યોતના પ્રબોધ મુનવરે જણાવ્યું હતું કે, ગરમી અને તાપમાં થતો સખત વધારો માનવ સર્જીત છે. વધારેમાં વધારે વૃક્ષો વાવીને તેને ઉછેરશું તો ગરમી-તાપમાંથી મુક્તિ મેળવી શકશું. વધુને વધુ વૃક્ષો વાવો... વરસાદ લાવોનાં નારાઓ બોલાવવામાં આવેલ. લોક જાગૃતિ રુપે લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવી તેને ઉછેરી તેનું જતન કરવા અપીલ કરવામાં આવી હતી. માનવજ્યોતનું હરતું-ફરતું વાહન શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ફરી વળ્યું હતું અને લોકોને નિ:શુલ્ક તુલસીરોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, ડો. પ્રતિક્ષાબેન પવાર, રફીક બાવા, શંભુભાઈ જોષી, પ્રવેણ ભદ્રા, મીનાબેન ભાનુશાલી, વિનોદભાઈ ગોર, ભરતભાઈ વી. સોની, કીરીટસિહ જાડેજા, હરિસિંહ જાડેજા, હમીરજી ધલ, નરશીભાઈ ગોગરી, રાજુ જોગી, વિક્રમ રાઠીએ જુદા-જુદા વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

# બે વર્ષમાં ૧૦ લાખ કિલો ઘાસ સળગાવવામાં આવ્યું છતાં કોઈ જ કાર્યવાહી નહીં

## એશિયાના સર્વશ્રેષ્ઠ બન્નીના ઘાસિયા મેદાનો તથા ઘાસ પ્લોટોનો સફાયો કરવો એ મુખ્યવન સંરક્ષકનો તથા આરએફઓ બની ગ્રાસલેન્ડનો મુખ્ય એજન્ડા : ધીરજ ગરવા

ભુજ : રીન્યુબલ એનર્જીના નામે પાકિસ્તાન સરહદે હજારો એકર જમીન ઉપરાંત કચ્છમાં લાખો એકર જમીન જે જંગલ ખાતાની રિઝર્વ હતી, જે પાણીના ભાવે આપી દેતા જિલ્લામાં ભવિષ્યમાં પર્યાવરણીય સમતુલા ખોરવાશે. પશુપાલન પર નભતા માલધારીઓનું પશુધન નામશેષ થઈ જશે. જમીનોના હકારાત્મક અભિપ્રાય બાબતે કરોડોના વ્યવહાર થયા હશે એમાં શંકાને સ્થાન નથી. ફોરેસ્ટ અધિકારીઓની આવકથી વધારે સંપત્તિના સ્ત્રોતોની તથા તેના સગાઓની આવકથી વધારે સંપત્તિની નિષ્પક્ષ રીતે તપાસ થવી જોઈએ. આવી જમીનોની ફાળવણી સંબંધે જાગૃત નાગરિક પર્યાવરણવાદી તરીકે વિગતવાર માહિતી માંગતા જંગલખાતા વિરોધની હિલચાલ બહાર આવી છે. પર્યાવરણવિદ દલિત એક્ટિવિસ્ટ ધીરજ ગરવાએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ મોટો હોવાથી જંગલ ખાતાની વિશાળ જમીનો છે. આવી જમીનોની સંકલિત માહિતી પણ મુખ્યવન સરક્ષકની કચેરીમાં ઉપલબ્ધ નથી જે બાબત ખૂબ શરમજનક છે. હાલમાં મુખ્ય વન સરક્ષક પાસે અન્ય જિલ્લાનો ચાર્જ હોવાથી ખાસ અદાણી જેવા ઉદ્યોગ જૂથોને ફાયદો કરવાની વાત હોય કે તેઓની ફાઈલોના નિકાલ કરવા હોય ત્યારે જ કચ્છની મુલાકાત લઈ મહિનામાં ત્રણથી ચાર દિવસ હાજર રહી છુંમંતર થઈ જાય છે, જે પણ ગુડ ગવર્નન્સ માટે લપડાક સમાન બાબત છે. ખાસ કરીને બની ગ્રાસલેન્ડ રેન્જમાં જમીનો ફાળવી હોય તે તથા મુખ્ય વન સંરક્ષક માંડીને તમામ ડીએફઓ, આરએફઓએ આર્થિક લાભ મેળવેલ છે. ઉપરાંત તેઓના પરિવારના સભ્યોની મિલકતોની પણ તપાસ કરવામાં આવે તો અનેકના પગ નીચે રેલો આવી શકે છે. બન્ની ગ્રાસ લેન્ડ વનસંરક્ષકના કાર્યક્ષેત્રમાં ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન અંદાજિત ૧૦ લાખ કિલો જેટલું ઘાસ સામાન્ય આગ લગાડી અને જથ્થો સગેવગે કરવામાં આવ્યું છે. ઘણા કિસ્સાઓમાં એફઆઈઆર પણ કરાઈ નથી. આ કિસ્સામાં બન્ની ગ્રાસ લેન્ડ વિભાગના આરએફઓ ગણપત પટેલની ભૂમિકા શંકાસ્પદ છે. સામાન્ય ચોકીદારોને છૂટા કરી કામગીરી દર્શાવાઈ છે, પરંતુ મુખ્ય વન સંરક્ષક તથા ગ્રાસ લેન્ડના આરએફઓ ગુજરાતના વિધાનસભાના સ્પીકરના નજીક હોઈ તેઓની સામે પગલા લેવા તૈયાર નથી. મુખ્ય વન સરક્ષકને આવેદન પાઠવતા જણાવેલ કે, બન્નીમાં ચિત્તલના પ્રજનન સંવર્ધન કેન્દ્રમાં કરોડોની ગ્રાન્ટોની ખાયકી થઈ રહી છે ચીતલના મૃત્યુનો આંક છુપાવવામાં આવ્યો છે તે બાબતે જવાબદાર આરએફઓ સામે કોઈ જ કાર્યવાહી થતી નથી. ત્યારે હાલમાં મુખ્યવન સંરક્ષકે જણાવ્યું હતું કે, ચિત્તલના પ્રજનન વિસ્તારમાં સંક્રમણ ન થાય તે માટે ૬૦૦ હેક્ટરમાં ઘાસ સળગાવી અને ઘાસના મેદાનો અને ઘાસપ્લોટોનું નાશ કરી નાખશું. ખરેખર એશિયાના સવર્શ્રેષ્ઠ ઘાસિયા મેદાનો વિશ્વ વિખ્યાત છે તેને નાશ કરવાનો પરવાનો કોણે આપ્યો છે ? આ બાબત ખૂબ અન્યાય કરતા છે. વર્ષોથી વસવાટ કરતો માલધારી સમુદાય અને એશિયાના સર્વશ્રેષ્ઠ ઘાંસીયા મેદાનોને જો ખુદા નાબૂદ કરવા માંગતા હોય તો તેમની સામે પણ પ્રજાએ લડત કરાવી જોઈએ તેવું જણાવ્યું હતું. આ અંગે શ્રી ગરવા દ્વારા ગુજરાત વિજિલન્સ કમિશન, મુખ્ય સચિવ ગુજરાત રાજ્ય, સચિવ વન પર્યાવરણ, રાજ્યસભા સાંસદ અને ગુજરાત કોંગ્રેસના ચીફ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા વિગેરેને લેખિતમાં રજૂઆત કરી હતી કે, ભ્રષ્ટ જંગલ ખાતાના કચ્છના મુખ્ય વન સંરક્ષક તથા જવાબદાર ડીએફઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવા અને વિધાનસભામાં પ્રશ્ને રજૂઆત કરાઈ છે.

# કે.કે. હોસ્પિટલ દ્વારા ડ્રાઈવરનું સન્માન કરાયું



કે.કે. પટેલ હોસ્પિટલે ભુજ એમ્બ્યુલન્સ ગ્રૂપનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સોલ્જર તરિકે કામ કરતા ડ્રાઈવરને સન્માનિત કરીને હોસ્પિટલે એક મહત્વનું કામ કરેલ છે. પ્રમુખ સિદ્દીકભાઈ આજમભાઈ અને હેમલ જેઠીનું મેહુલભાઈ, કાલાવડીયા અંકિત અને શૈલેષભાઈ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ જયદીપસિંહ ઝાલાએ કરી હતી.

# બેન્ક, એટીએમ, પોસ્ટ ઓફિસને રોડની કનેક્ટિવિટી જરૂરી

ભુજ : કચ્છ યુનિવર્સિટી કેમ્પસમાં યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા અને એનું એટીએમ આવેલ છે તેમજ અંદર એક સબ પોસટ ઓફિસ પણ છે. આ જન ઉપયોગી ઓફિસોનો લોકો લાભ ઈ શકતા નથી. કારણ કે મેઈન રોડ ઉપર એની કનેક્ટિવિટી નથી. જો રસ્તા ઉપર આ બન્ને ઓફિસોનું પ્રવેશદ્વાર જોડાય તો લોકો આ ઉપયોગી સેવાનો લાભ લઈ શકે. હાલ આ માટે કેમ્પસમાં ખૂબ અંદ સુધી ગયા પછી પણ વાહન પાર્ક કરી આ બેન્ક સુધી પહોંચી શકાય છે, જેથી લોકો અંદર થતા નથી. બાજુમાં જ આવેલ ધાર્મિક સ્થળને રોડ કનેક્ટિવિટી આપેલ છે ત્યારે હાલમાં કચ્છ યુનિ. કેમ્પસની કરોડોના ખર્ચે કાયાપલટ થઈ રહી છે ત્યારે આ સગવડ જાહેર જનતા માટે કરવી જરૂરી છે. આ માટે રૂબરૂ તેમજ લેખિતમાં રજૂ કરાઈ છે.

જાહેર નોટીસ

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કોર્ટમાં તા. નખત્રાણા

કેસ નં.૩૬/૨૦૨૫

વિષય: જન્મ મરણની નોંધણી (સુધારો) એક્ટ-૨૦૨૩ ની કલમ-૧૧(૩) મુજબ જન્મની નોંધ હુકમ કરવા બાબત

અરજદાર: આગા ઓસમાણ હસણ, રહે-નીરોણા તા.નખત્રાણા -કચ્છ
વિરૂધ્ધ સામાવાળા:-તલાટી કમ મંત્રીશ્રી,જન્મમરણ નોંધણી અધિકારીશ્રી,નીરોણા ગ્રામ પંચાયત તા.નખત્રાણા

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે આગા હનીફ ઓસમાણ તા.૦૧/૦૧/૨૦૦૦ ના રોજ મોજે-નીરોણા ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે સમય મર્યાદામાં નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્ર ના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી નં.૩૬/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ની મુદતમાં રૂબરૂમાં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

હુકમથી
(બી.આર. શાહ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ નખત્રાણા

આજ તારીખ ૨૩ માહે- મેં સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરીને આપ્યો.

PUBLIC NOTICE

In The Court of Honorable IInd Additional Senior Civil Judge, at Gandhidham

Civil Misc. Application No.: 08/2025

Shri Shivji Chhaganlal Parmar, age about 68 years, Occupation: Business. Resident of Survey No: 11/1, Plot No: 20, Om Residency, Antarjal, Adipur - Kachchh ..........Applicant

Versus

Nil ..........Non Applicant

ADVOCATES FOR APPLICANT: V. T. BHAGCHANDANI, UMA V. BHAGCHANDANI R. M. MAHESHWARI AND R. J. KATARIYA

This is to give notice to all concerned persons as follows:

The above named applicant has made an application under section: 276 of The Indian Succession Act 1925, for grant of PROBATE OF WILL in respect of properties more particularly described in The Schedule appended hereunder.

The IInd Additional Senior Civil Judge at Gandhidhiam- Kachchh has fixed The date: 08-07-2025 for hearing The said application.

This is to give notice to all persons claiming to have any interest in the estate of the deceased Shri Saifudin Karimbhai Vora, as per application died at Mandvi-Kachchh, on: 23-01-2025, to come and see the proceedings before the court for grant of the same.

SCHEDULE OF PROPERTIES

| Sr. No | Description of property | Amount |
|---|---|---|
| 1 | Plot No: 305, Sector: 1A, Gandhidham - Kutch (Rupees Thirty Four Lakhs only) | Rs. 34,00,000/- |

Signed and sealed on the 05th Day in the month of June 2025 at Gandhidham.

Prepared by: (A.H.Aedaliya) Assistant
Compared by: (T.J. Vaghela) Assistant
IInd Additional Senior Civil Judge Court, Gandhidham
Court of Seal
By Order: (M.H. Gohil) Registrar, Principal Senior Civil Judge Court Gandhidham.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ડૉ. ગૌતમ જોશીના નાટ્યસંસ્કૃતિ આધારિત પુસ્તકો 'રંગમંચ' અને કચ્છી વાર્તા સંપૂટ "લાગણી"નું વિમોચન



ભુજ : કચ્છની ગ્રામ્ય ધરતી પર આજે પણ પરંપરાગત નાટકસંસ્કૃતિના છોડવા લહેરાઈ રહ્યા છે. ભુજ, માંડવી, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં નાટકોનો વધુ સંગઠિત અભ્યાસ થાય છે તે જરુરી છે. ખાસ કરીને નવરાત્રિ દરમિયાન માતાજીની આરાધનાને અનુરૂપ કચ્છના ઈતિહાસ અને સમાજના વિવિધ પાસાઓને નાટકો દ્વારા રજૂ કરવામાં આવે છે. આવી અનોખી અને ઐતિહાસિક નાટ્ય પરંપરાને લિપિબદ્ધ કરવાનો યશ કચ્છના ખ્યાતનામ કચ્છી, ગુજરાતી સાહિત્યકાર ડૉ. ગૌતમ જોશીને ને ફાડે જાય છે. તેઓ દ્વારા કચ્છી અને ગુજરાતી નાટક સંસ્કૃતિ અને વાર્તા આધારિત બે મહત્વપૂર્ણ પુસ્તકોનું વિમોચન તાજેતરમાં ત્રિમંદિર ભુજ ખાતે એક ભાવભીનાં પારિવારિક કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જાણીતા કવિ જોરાવરસિંહ રાઠોડ 'ચાન્દ' ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે કાર્યક્રમની શરૂઆત સ્વામી આનંદયોગેશના માંગલિક ભાષણથી થઈ હતી.

મંચ પર કચ્છ યુનિવર્સિટીના પ્રથમ વીસી ડૉ. કાંતિભાઈ ગોર, ડૉ. કાશ્મીરા મહેતા, સપ્તરંગના પ્રમુખ ઝવેરીલાલ સોનેજી, અને વિજય રાયજી લાઈબ્રેરીનાપ્રમુખ ઉપેન્દ્ર ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતાં. જોરાવરસિંહ રાઠોડે પોતાના ભાવભીનાં સંબોધનમાં કચ્છને માતા સમાન ગણાવી ઐતિહાસિક, ધાર્મિક અને સાહિત્યિક દ્રષ્ટિએ તેની મહિમાગાન કરતાં કહ્યું હતું , "રણ, દરિયો અને ડુંગરો ધરાવતા કચ્છના લોકો માટે કચ્છ પોતે જ માતા છે, અને સાહિત્યકારો માતાનું રૂપ છે જે શબ્દોમાં આલેખે છે. ડૉ. કાંતિભાઈ ગોરે જણાવ્યું કે ગૌતમભાઈએ કચ્છની નાટ્યસંસ્કૃતિ માટે ગામે ગામથી માહિતી એકત્ર કરી છે, જે કલા જગત માટે અમૂલ્ય સેવા છે. કેટલાક નાટ્યકારો હવે હયાત નથી, છતાં તેમના પરિવારમાં જઈ માહિતી મેળવવામાં આવી છે અને લોકપ્રિય નાટકોના સંવાદો પણ પુસ્તકમાં સમાવાયા છે.

ડૉ. કાશ્મીરા મહેતાએ કહ્યું કે, આજની પેઢી ટેકનોલોજીથી જોડાયેલી છે, ત્યારે જૂની પેઢી તરફથી મળેલી સાંસ્કૃતિક વારસાની સમજ અને કદર જરૂરી છે. પૂર્વકાળના કલાકારો પુરૂષ અને સ્ત્રી બંને પાત્રો ભજવીને મંચ પર ઉતરતાં અને લોકો તેમના નાટકો ગામમાં જ ઓળખતા હતા, જ્યારે આજેએ કલા વૈશ્વિક થઈ ગઈ છે. પુસ્તકોમાં સમાવાયેલા લોકપ્રિય નાટકોમાં 'જય ચિત્તોડ', 'રા માંડલિક', 'માલવ પતિમુંજ', 'ઘર સંસાર', 'વીર રામવાળો', 'જુવાનીના ઝેર', 'વડીલોના વાંકે' જેવા નાટકના ગીતો અને સંવાદો ઘરમાં ઘરમાં આજે પણ ગવાય છે. ઝવેરીલાલ સોનેજીએ જણાવ્યું કે "ગૌતમભાઈએ માત્ર લખ્યું નથી, પરંતુ ગામે ગામ જઈને માહિતી એકત્ર કરી છે, ગૌતમભાઈની ઓગણીસો છેયાસીમાં લખાયેલ પ્રવાસ કથાથી હું અને જોરાવરસિંહજી તેવોના સાહિત્ય સર્જનના સાક્ષી છીએ. તેમણે લેખકની કામગીરી માટે આભાર માન્યો અને હજી વધુ પુસ્તકો માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે વિશાળ યોગદાન આપનાર અને હાલમાં નિવૃત્ત થયેલા ડૉ. મધુકાંતભાઈને શિક્ષણમાં 'કચ્છ શક્તિ એવોર્ડ" અને ડો. કાંતિ ગોરને સાહિત્ય રત્ન આપવામાં આવવાની જાહેરાત થતાં વિશેષ સન્માન કરવામાં આવેલ સાથે ડોક્ટ્સની માનદ પદવી મેળવનાર ગૌતમભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. લેખક જોશીએ બંને પુસ્તકની ટૂંકમાં વાત કરતાં જણાવ્યું કે, રંગ મંચ માટે જાણીતા નાટક કાર શૈલેન્દ્ર ચોકસી, શાંતિભાઈ ચંદે, કીર્તિ કોટક, ચાંપશીભાઈ આઈયા વગેરેને યાદ કરી નાટક પુસ્તક જોરાવરસિંહ રાઠોડ તરફથી કલાકારોને વિનામૂલ્યે આપવાની વાત કરી સાહિત્ય સેવામાં મદદ કરનાર આભાર માન્યો હતો. આભારવિધિ ડો. મધુકાન્ત આચાર્ય અને સંચાલન મનનભાઈ ઠક્કરે કરી હતી.

કાર્યક્રમમાં કવિ પબૂ ગઢવી, રસિકભાઈ મકવાણા, જગદીશભાઈ ભટ્ટ, ભગીરથ ધોળકિયા સહિત અનેક સાહિત્ય પ્રેમીઓ અને નાટ્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વ સેવા સંઘ દ્વારા ભુજમાં ખેંચ-વાઈ-આંચકાના દર્દીઓ માટે પરિસંવાદ તથા તપાસ શિબિર યોજાશે

ભુજ : અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના ચેરમેન જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલીત સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ અને ધીરેનભાઈ લાલનના માર્ગદર્શન હેઠળ ભુજ માકપટ જૈન પરિવારના સંયુકત ઉપક્રમે કે.ડી. હોસ્પિટલ અમદાવાદના સહકારથી આગામી તા.૮ જુનને રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨ વાગ્યા સુધી માતૃશ્રી પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી વિવિધલક્ષી સંકુલ, ભાદરકા હોસ્પિટલની ગલી, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે ખેંચ - વાઈ - આચકાની બીમારી ધરાવતા દર્દીઓ માટે વિનામુલ્યે પરિસંવાદ તથા તપાસ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

આ મેડીકલ કેમ્પ વિશે વધુ માહિતી આપતાં સંસ્થાના ચેરમેન જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતુ કે, છેલ્લા ઘણા સમયથી કચ્છી પ્રજાજનોને ખર્ચાળ મેડીકલ સારવારમાંથી રાહત આપવા માટે તેમની સંસ્થા દ્વારા અવારનવાર વિનામુલ્યે મેડીકલ કેમ્પનુ સ્થાનિકે આયોજન કરવામાં આવે છે, જેના અનુસંધાનમા આ મેડીકલ કેમ્પનું આયોજન કરવમાાં આવ્યુ છે. આ કેમ્પમાં કે.ડી. હોસ્પિટલ અમદાવાદાના ડૉ. અભિષેક ગોહેલ પોતાની સેવા પુરી પાડશે. આ કેમ્પમાં જેમને વરંવાર ખેંચ આવતી હોય, અચાનક ચેતના ગુમાવવાનો અનુભવ થતો હોય, જેમના કુંટુબમાં વાઈ, આંચકાની સમસ્યા હોય, શરીરમાં કંપન અથવા ઝટકાનો અનુભવ થતો હોય, આંખો સમક્ષ અંધારુ છવાઈ જતો હોય, અચાનક બેહોશી આવી જતી હોય, અસમાન્ય અવાજો સંભળાતા હોય કે ગંધનો અનુભવ થતો હોય તેવા દર્દીઓએ આ કેમ્પનો લાભ લઈ પોતાની બિમારીનું જલ્દીથી નિદાન કરાવવા જણાવ્યું હતું. આ કેમ્પ માં બતાવવા આવનાર દર્દીઓએ પોતાના જુના તમામ રિપોર્ટ, દવા વિગેરે ફરજીયાત સાથે લાવવાના રહેશે. આ મેડીકલ કેમ્પમાં નામ નોંધાવવા અનેવધુ માહિતી માટે હરનીશભાઈ મહેતા અને જીતેન્દ્રભાઈ ચાવડાનો સંપર્ક કરવા યુવા આગેવાન ધીરેનભાઈ લાલને જણાવ્યં છે.

# કચ્છ કલ્યાણ સંઘ દ્વારા પુસ્તકનું વિમોચન કરાયું



ભુજ : કચ્છ કલ્યાણ સંઘ ટ્રસ્ટની ટ્રસ્ટી, વ્યવસ્થાપક સમિતિ અને પ્રધાનાચાર્યની બેઠક ગાંધીધામ મધ્યે મળી હતી. શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે કરાઈ હતી, પ્રથમ સત્રનું સંચાલન ભરતભાઈ પટેલે સંભાળ્યું હતું. ત્યારબાદ સ્વાગત પરિચય અને આવકાર ટ્રસ્ટના પ્રમુખ મદનભાઈ નાહટાએ આપ્યો હતો. બાદ સ્થાનશઃ વૃત કથન કરાયું હતું.

પુસ્તક વિમોચન આરએસએસના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત કાર્યવાહક મહેશભાઈ ઓઝા, કચ્છ કલ્યાણ સંઘના પ્રમુખ મદનભાઈ નાહટા, કચ્છ કલ્યાણ સંઘના મંત્રી ગગુભાઈ ડાંગર, વિદ્યાભારતી પૂર્વ કચ્છના અધ્યક્ષ નીલેંદુભાઈ ઠાકરના હસ્તે કરાયું હતું.

મહેશભાઈએ જણાવ્યું હતું કે, શિક્ષણરૂપી પવિત્ર કાર્યને આગળ લઈ જવાનું ચિંતન, પવિત્ર કાર્યનો ઉદેશ્ય, સ્વત્વનું જાગરણ, પુનઃજાગરણનું પરિશ્રમ, શોધ સંશોધનમાં ભારતનું અહમ યોગદાન, શૂન્યથી દશાંશ પદ્ધતિની ભારતને દુનિયાની ભેટ, આત્મસાક્ષાત્કારના આધારે થયેલ શોધો, શ્લોકોની રચના દ્વારા વેદોનું સર્જન થયું ટૂંકમાં જેનું કામ શ્રેય લેવાનું નહી પણ પ્રેય છે.

દ્વિતીય સત્રનું સંકલન વનરાજસિંહ જાડેજા, ભરતભાઈ ધોકાઈ, ભારતીબેન, ગીતાબેન સોની, પવનભાઈ પરમારે સંભાળ્યું હતું જેમાં વિવિધ મુદાઓની ચર્ચા કરાઈ હતી. અંતિમ સત્રમાં મદનભાઈ નાહટા, મનોજભાઈ સોલંકી દ્વારા કરાયું હતું. નીલેંદુભાઈ ઠાકરે પોતાના ઉદબોધનમાં સમગ્ર બેઠકનું સમિક્ષાત્મક માર્ગદર્શન કરતાં ભારત માતાને પરમ વૈભવે લઈ જવાનું વિશ્વ કલ્યાણની ભાવનાને સાર્થક કરવા પંચકોષીય વિકાસ દ્વારા આપણા સાચા અધિષ્ઠાન અને લક્ષ્યને પ્રાપ્ત કરવાની વાત કરી હતી. સંચાલન વનરાજસિંહ જાડેજા એ સંભાળ્યું હતું.

બેઠકમાં કચ્છ કલ્યાણ સંઘના ઉપપ્રમુખ મનોજભાઈ સોલંકી, ટ્રસ્ટીઓ પરબતભાઈ ગોરસીયા, સુભાષભાઈ જોશી, જાગૃતિબેન ઠક્કર, ભાવિનીબેન શેઠ, મેહુલભાઈ શાહ, જયસુખભાઈ માણેક, નરેન્દ્રભાઈ ગોર, મમતાબેન ભટ્ટ, પરેશભાઈ ગુજરાતી, પ્રધાનાચાર્યો ભુજ સંતોષી સ્થાનના વર્ષાબેન ઠક્કર, ભુજ પ્રસાદી ભવનના નીરવબેન પાંધી, ગાંધીધામ શિશુવાટિકાના ચૈતાલીબેન, ગાંધીધામ પ્રાથમિક વિભાગના કાંતાબેન સોલંકી, ગાંધીધામ માધ્યમિકના ભરતભાઈ પટેલ, સમર્થભારત ગાંધીધામના ભારતીબેન ધોકાઈ, ડીપ્લોમાં કેન્દ્રના ભાવિનીબેન શેઠ, અંતરજાળ સ્થાનના ગીતાબેન સોની ગળપાદર શિશુવાટિકાના જ્યોત્સનાબેન, ગળપાદર પ્રાથમિક સ્થાનના ભાવનાબેન, અનિરૂદ્રસિંહ હાજર રહ્યા હતા.

# ભુજમાં આગળ ધપતી લોકસભા સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ





ભુજ : આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી ડે - નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભાસ કરાવતી લોકપ્રિય રમત કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૩ જયુબિલી ગ્રાઉન્ડ ભુજ ખાતે રમાઈ રહી છે. ૫૨૦થી વધુ ટીમોની વચ્ચે રમાનાર આ મેચ રોમાંચ અને ઉત્સાહથી ભરપુર છે અને બહોળી સંખ્યામાં ખેલ દર્શકો ઉપસ્થિત રહી ખેલાડીઓને ઉત્સાહ અને આયોજકો - વ્યવસ્થાપકોને અભિનંદન આપે છે. ત્રીજા રાઉન્ડમાં ૮૦માં દિવસની પ્રથમ ક્રિકેટ મેચ ઓલ સ્ટાર ઈલેવન ભારાપર અને આર.કે. ઈલેવન ભુજ વચ્ચે રમાઈ હતી, જેમાં ઓલ સ્ટાર ઈલેવન ભારાપરની જીત થઈ હતી. બીજી મેચ રાઈટ ઈલેવન ભુજ અને મંગલ મેડીકલ ઈલેવન ભુજ વચ્ચે રમાઈ હતી, જેમાં મંગલ મેડીકલ ઈલેવન ભુજ ટીમ વિજેતા થઈ હતી. ત્રીજી મેચ યંગ બુલેટ ઈલેવન અંજાર અને કીંગ રાઈડર ઈલેવન કુકમા વચ્ચે રમાઈ હતી, જેમાં યંગ બુલેટ ઈલેવન અંજાર વિજેતા થઈ હતી. ચોથી મેચ દોસ્તી ઈલેવન જરૂ અને ચોકડી ઈલેવન ભુજ વચ્ચે રમાઈ હતી, જેમાં દોસ્તી ઈલેવન જરૂની જીત થઈ હતી. પાંચમી મેચ ત્રાયા ફાઈટર ઈલેવન અને યુનિક ઈલેવન ભુજ વચ્ચે રમાઈ હતી, જેમાં ત્રાયા ફાઈટર ઈલેવન ટીમ વિજેતા થઈ હતી. છઠ્ઠી મેચ આર.કે. બ્રધર્સ ઈલેવન અટલનગર અને આઈ કૃપા ઈલેવન ગાંધીધામ વચ્ચે રમાઈ હતી, જેમાં આર. કે. બ્રધર્સ ઈલેવન અટલનગર ટીમની જીત થઈ હતી. સાતમી મેચ માન્યા ઈલેવન ભુજ અને વોટ્સન ઈલેવન અંજાર વચ્ચે રમાઈ હતી, જેમાં માન્યા ઈલેવન ભુજ ટીમ વિજેતા થઈ હતી. મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા થઈ હતી. આ મેચ દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા મહેમાનો સાથે જુરી કમિટીના સભ્યો વિગેરે હાજર રહ્યા હતા.

# ભુજના પુનિતવનમાં યોજાયો મોબાઈલ વિનાનો મેળાવડો



ભુજ : ઘણાં જ લાંબા સમય બાદ પુનિતવનમાં સવારના ભાગમાં ગ્રૂપના સભ્યો એકઠા થયા હતા.

મોબાઈલનું વળગણ બાલ, અબાલ, યુવા, વૃદ્ધોમાં હોય છે ત્યારે પોતાની લગ્ન વર્ષ ગાંઠની આગોતરી ઉજવણીના ભાગરૂપે પુનિતવન ગ્રૂપના સભ્ય દિનેશભાઈ સી.ઠક્કર દ્વારા જુના મિત્રો એકબીજાને મળી શકે એ ઈચ્છા સાથે અલ્પાહાર સાથે એક મેળાવડાનું આયોજન કરાયું હતું.

જેમાં ગ્રૂપના સભ્યો ભાઈઓ-બહેનો લાંબા સમય બાદ મોબાઈલ વગર મળ્યા, સ્નેહસભર ભેટ્યા જેનો આનંદ એમના ચહેરા પર કંડારાયેલો હતો.

મેળાવડામાં પુનિતવનના સભ્યો, સવારનું ગ્રૂપ, યોગ ગ્રૂપ, સાંજનું ગ્રૂપ, મોર્નિંગ વોક ગ્રૂપ, મસ્તી મસ્તી ખોર ગ્રૂપના મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન મંડળ દ્વારા સમર કેમ્પ યોજાયો



ભુજ : વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ - ભુજ દ્વારા ચાર દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના ૮ થી ૧૫ વર્ષની વય મર્યાદામાં ૬૦ બાળકો ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમર કેમ્પના પ્રથમ ત્રણ દિવસ રિજનલ સાયન્સ સેન્ટર ખાતે બાળકોએ Math matic origami તથા ફન વિથ સાયન્સ જેવી પ્રવૃતિઓમાં જોડાયા હતા. ભારતની સૌથી મોટી પબ્લિક સ્પેસ ઓબ્ઝવેટરી નિહાળી અવકાશ વિજ્ઞાન વિશે માહિતગાર કર્યા હતા. અંતિમ દિવસે કાવ્યાબેન શાહ દ્વારા વીબીસી આરટીઓ સંકુલ ખાતે વિવિધ ગેમ રમાડવામાં આવી હતી

મંડળના પ્રમુખ નીરજભાઈ દોશી તથા મંત્રી આશિષભાઈ બાબરિયાએ પ્રોજેક્ટ ચેરમેન તુષારભાઈ પારેખ તથા હર્ષભાઈ મોરબિયાને સફળ આયોજન બદલ અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, સમર કેમ્પના માધ્યમ થી બાળકો અવકાશ વિજ્ઞાન વિશે માહિતગાર થયા છે. સમર કેમ્પના સમાપન સમારોહમાં ભુજ સમાજના પ્રમુખ કિશોરભાઈ મોરબિયા, મંત્રી ભોગીભાઈ મહેતા, મોટા સમાજના મહામંત્રી સંદીપભાઈ દોશી,મહિલા મંડળના મંત્રી નિમુબેન દોશી,સહમંત્રી અરુણાબેન ખંડોલ, યુવતી મંડળના પ્રમુખ નેહલબેન શેઠે સફળ આયોજન બદલ પ્રોજેક્ટ ચેરમેન તુષારભાઈ પારેખ તથા હર્ષભાઈ મોરબિયા તથા મંડળની કારોબારી ટીમ, મંડળના સભ્ય પ્રતિકભાઈ દેવાણી તથા સુંદર ફોટોગ્રાફી બદલ ધ્રુવી પુજને અભિનંદન આપ્યા હતા.

# નખત્રાણા રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા પ્રવાસીઓને આમ રસ પીવડાવાયો



નખત્રાણા : તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા ૧૧-૪ના બસ સ્ટેશન ખાતે છાશ કેન્દ્ર શરૂ કરવામા આવ્યું હતું. અંતિમ દિને પ્રવાસીઓને મફત કચ્છની કેસર કેરીનો રસ પીવડાવીને કેમ્પનું સમાપન કરાયું હતું. ૧૮૦૦૦થી વધુ પ્રવાસીઓએ લાભ લીધો હતો. પ્રાગજીભાઈ અનમ, અનિલભાઈ જોબનપુત્રા, જગદીશભાઈ પલણ તેમજ દાતાઓ અને એસટીના કર્મચારીઓએ સહકાર આપ્યો હતો. પ્રમુખ રાજેશભાઈ પલણની આગેવાનીમાં ગ્રુપ દ્વારા ગૌસેવા, આરોગ્ય, શિક્ષણનું કાર્ય ૩૫ વર્ષથી સંસ્થા કરી રહી છે.

અંતિમ દિવસે વિરાણી લોહાણા મહાજનના પ્રમુખ છગનભાઈ આઈયા, વિશનજીભાઈ પલણ, અરવિંદભાઈ ઠક્કર, મહિલા પાંખના પ્રમુખ દક્ષાબેન બારૂ, શહેરના પ્રમુખ હેતલબેન ઠક્કર, મહામંત્રી જાગૃતીબેન પલણ, એસટી ડેપો મેનેજર નરેશપુરી ગોસ્વામી, શામજીભાઈ મહેશ્વરી, બહાદુરસિંહ જાડેજા, વેલજીભાઈ પાયણ, હરેશભાઈ જોશી, ગૌતમભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન મહામંત્રી નીતિનભાઈ ઠક્કરે કર્યું હતું.

# હાસ્ય અને વ્યંગ કવિતાના પ્રાણ છે

## સાંધ્યદીપની બેઠકમાં હાસ્ય વ્યંગ આધારિત કવિતાઓ પ્રસ્તુત થઈ

ભુજ : હાસ્ય એ મનુષ્યને કુદરતે આપેલું વરદાન છે. જે માણસ હસતો નથી તે બીજા કોઈને જચતો નથી. ઉક્તિ વક્ર હોય તો જ કવિતા બને છે. કવિતાનું પ્રાણ ઉક્તિ છે. તમે ઉક્તિને વક્ર ન કરો ત્યાં સુધી રસ ન પડે. હાસ્ય અને વ્યંગ કવિતાનાં પ્રાણ છે. હાસ્ય પંપાળે છે જ્યારે વ્યંગ ઘા કરે છે. વ્યંગનું કામ શબ્દને સામાન્ય અર્થમાંથી કાઢી વિશિષ્ઠ અર્થમાં મૂકવાનું છે. વ્યંગ ભાવને ઉથલપાથલ કરી નાખે છે. અહીંની વરિષ્ઠ કવિઓની સંસ્થા સાંધ્યદીપની હાસ્ય-વ્યંગ પર આધારિત સ્વરચિત કાવ્યપાઠની બેઠકનું સંચાલન કરતાં કવિ કૃષ્ણકાંત ભાટિયા 'કાન્ત' એ ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ખડખડાટ હસવાથી માણસની આવરદા વધી જાય છે. હાસ્ય એ એક એવું ટોનિક છે જે અમૃતનુ કામ કરે છે. જો હાસ્યની સાથે વ્યંગ ન હોય તો ભોજનમાં મીઠું ન હોય એવી હાલત થાય છે. ગુજરાતનાં મોટાં ગજાના કવિઓ શેખચલ્લી, રતિલાલ 'અનિલ', અદમ ટંકારવી, શેખાદમ આબુવાલા, સ્નેહરશ્મિ, એન. જે. ગોલીબારની રચનાઓનો આધાર લઈ કવિ 'કાંત' એ પોતાની વાત સ્પષ્ટ કરી હતી. આ બેઠકમાં કવિઓ જગદીશ ગોર 'પાગલ', નંદુ જોશી 'નંદ', શૈલેષ પંડયા, ચંદ્રકાન્ત ધલ, સોનલ ભાટિયા 'સોનું' એ હાસ્ય વ્યંગ આધારિત કવિતાઓ પ્રસ્તુત કરી હતી.



ભુજ સંસ્કૃત પાઠશાળા ખાતે પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ પાઠશાળાના સંચાલક, હાટકેશ, અબીકા મહિલા મંડળ દ્વારા હું વૃક્ષ વાવીશ અને વૃક્ષનું જતન કરીશ તેવા શપથ લીધા હતા.

## ભુજમાં વિચાર કોર્નર નામે નવતર પ્રયોગ



ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ નજીક દર રવિવારે પુસ્તકોનો મેળો ભરાય છે. કચ્છના શિક્ષિત યુવાનો મોહનભાઈ, ગીતા, દર્શન, રાધા, તુલા, સંજય દ્વારા વિચાર કોર્નર નામે નવતર પ્રયોગ કરાયો છે. અહીં શાંતિકુંજ ઈન્ટરનેશનલ - સેડાતા, ચિરંતન ગાંધી વિચાર કેન્દ્ર નિલપર અને વિશ્વ ગ્રામ - મહેસાણા સંસ્થાના સૌજન્યથી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના ગાંધી વિચાર અને અન્ય સાહિત્યના પુસ્તકો યુવાનોને વાંચવા અપાયા છે. ટેકનોલોજીના યુગમાં યુવા પેઢી પુસ્તકોના વાંચનથી વિમુખ થઈ રહી છે. ધર્મ, સંસ્કૃતિ અને ઈતિહાસને જાણવા પુસ્તકો જ શ્રેષ્ઠ માધ્યમ છે તેથી યુવાનો પુસ્તકો પ્રત્યે આકર્ષાય તે માટે દર રવિવારે સાંજે ૫:૩૦થી ૭:૩૦ સુધી પુસ્તકો મુકવામાં આવે છે. યુવાનો એક પુસ્તક વાંચવા લઈ જઈ શકે છે. એપ્રિલ મહિનાથી શરૂ થયેલ વિચાર કોર્નર પ્રત્યે યુવાનોમાં આકર્ષણ સતત વધી રહ્યું છે.

# ભુજના વોકીંગ ટ્રેકમાં લીપાપોતીનો આક્ષેપ

## અમુક જગ્યાએ ઈન્ટરલોક તૂટ્યા, નવી ગ્રીલના બદલે જૂની ગ્રીલો લગાડાઈ





ભુજ : અહીંની નગરપાલિકા દ્વારા લેકવ્યુ હોટલથી ખેંગારબાગની ફરતે શહેરીજનો સવાર-સાંજના સમયે વોકીંગ તથા શુદ્ધ હવા મળી રહે તેના માટે વોક-વે બનાવાયો હતો. આ વોક-વેમાં અમુક સુધારા - વધારા સાથે જ્યાં અસમતોલ જમીન છે ત્યાં લેવલ કરવાનું કામ છેલ્લા અઢી વર્ષથી ચાલુ હતું. હવે એ કામ પૂર્ણ થવાની અણી ઉપર છે ત્યારે હાલમાં થયેલા કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ શહેર કોંગ્રેસના પ્રમુખ કિશોરદાન ગઢવીએ કર્યો છે.

આ અંગેની વિગતો આપતા શ્રી ગઢવીએ જણાવ્યું હતું કે, છેલ્લા અઢી વર્ષથી ગોકળ ગતિએ રિપેરીંગનું કામ ચાલુ હતું. આ વોક-વેમાં જ્યારે કામ ચાલુ હતું ત્યારે શહેરીજનોને ભાગે અગવડ પડતી હતી. ક્યાંક ખાડા, ઈન્ટરલોક, લાઈટના થાંભલા વચ્ચે પડેલા હોવાથી લોકોને ચાલવું મુસીબત બન્યું હતું. હમીરસર પાસે બનેલું આ વોક-વે શહેરીજનોની સુખાકારી માટે બનાવવામાં આવ્યો છે, નહીં કે હાલાકી વેઠવા માટે. હવે કામ પૂરૂં થવાની અણી ઉપર છે ત્યારે આંખે વળગે તેવી વાત એ છે કે ઉદઘાટન જ્યારે થશે ત્યારે, પરંતુ અત્યારથી ઈન્ટરલોક તૂટવા લાગ્યા છે. જે જગ્યાએ ઈન્ટરલોક પાથર્યા છે ત્યાં વચ્ચે ઝાડ આવતા હોવાથી તેને પાણી આપવાની જગ્યા રખાઈ ન હતી. વહે ફરીથી એ જગ્યાને ખોદી સર્કલ બનાવાયા તે તૂટવાની અપણી ઉપર છે. ફલોરનું લેવલ અને બેલેન્સીંગ છે. જે બાબતોનું અગાઉ ધ્યાન રાખવું જોઈતું હતું તે રખાયો નથી. લગભગ અઢીથી ત્રણ કરોડ રૂપિયા આ કામમાં વપરાયા છે. તો કામ એવું કંઈ દેખાતું નથી. વધુમાં જૂની ગ્રીલ લગાવેલી છે તેને કલર લગાવવામાં આવ્યો. બાકી નવી ગ્રીલ ક્યાંય દેખાતી નથી. બીજું જ્યાં કામો થયા છે ત્યાં ઈજનેરની હાજરી ન હોવાથી કામોમાં લીપાપોતી થયાનું જણાઈ આવે છે તેવો આક્ષેપ કર્યો હતો.

## છ જૂનના અંબાજી ખાતે રાત્રી પૂજામાં કચ્છ સૌરાષ્ટ્રના નાગર પરિવારજનો જોડાશે

ભુજ : અંબાજી ખાતે ૬ જૂનના નાગર જ્ઞાતિજનો રાત્રી પૂજામાં માં અંબાના ગર્ભગૃહમાં રાત્રે ૯ થી ૧૨ કલાક સુધી રાત્રી પૂજામાં જોડાશે સાથે પૂજન-અર્ચન, ગરબા, આરતી વગેરે કાર્યક્રમો યોજાશે. કચ્છ સૌરાષ્ટ્રના નાગર પરિવારજનો, હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા ૩ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષના વડીલ સુધીના આ પૂજામાં જોડાશે અને માઢ ખાતે કચ્છના નાગર જ્ઞાતિના કોકીલકંઠી કલાકાર હયાતીબેન વોરા ગરબાની રમઝટ જમાવશે તેમજ અન્ય કલાકારો પણ જોડાશે. મુખ્ય આયોજકોનું સન્માન થશે તેમજ ચકલી ઘર અને કુંડા નું વિતરણ કરાશે એવું જયશ્રીબેન હાથીએ જણાવ્યું છે.

# વડનગરનો વૈભવી વારસો પુસ્તકના વિમોચન સાથે કવિ સંમેલન યોજાયું





ભુજ : સાહિત્ય સુગંધ ગુજરાત દ્વારા રોજ હોટલ અલિફ વડનગર ખાતે 'વડનગરનો વૈભવી વારસો' પુસ્તકનાં વિમોચનનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માણસા વિધાનસભાનાં ધારાસભ્ય જે.એસ. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત ભરમાંથી બહોળી સંખ્યામાં સાહિત્ય રસિકો આવ્યા હતા. પુસ્તકના સંપાદક કવિ જાન અને કવિ હર્ષદ કડિયા કર્યું હતું. જેમાં કચ્છના દિલીપ આચાર્યનું શાલને શીલ્ડથી કાર્યક્રમમાં અભિવાદન કરવામાં આવ્યું હતું. જેમાં રમણલાલ જાદવ, વિનોદ વ્યાસ, દિનેશ નાયક સહીતના સભ્યની ૫૦ થી વધુને ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બહોળી સંખ્યા સાહીત્યકારો કવિ, કવયિત્રી રસીકો હાજ રહ્યા હતા. સંચાલન કવિ મહેન્દ્ર મકવાણા, કલોલ અને મલેકપુરવડના કવિ નરેશ જાદવ' જાન'એ કર્યું હતું.

# બજારભાવ

| | |
|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૪૬૨૫-૪૮૯૨ |
| મઠ | ૪૪૦૦-૪૫૦૦ |
| તુવેર | ૪૬૨૫-૪૮૯૨ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૩૭-૨૪૮૭ |
| રાયડો | ૨૨૧૬-૨૨૫૦ |
| તલી | ૨૯૦૦-૩૩૪૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ઘઉં | ૨૪૫૦-૨૫૦૦ |
| ગોવાર | ૪૭૮૦ |
| વરિયાળી | ૬૭૦૦ |
| મગ | ૭૨૧૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૦૦-૨૪૭૩ |
| જીરૂ | ૬૭૨૦-૭૩૬૦ |
| તલી | ૨૮૦૦-૩૩૪૩ |
| રાયડો | ૨૧૭૫-૨૨૩૬ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૧૯૬-૧૨૦૦ |
| વરિયાળી | ૧૧૩૧ |
| બાજરી | ૪૬૨ |
| જીરૂ | ૩૫૮૦ |
| તલી | ૧૩૧૩ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૧૯૮-૧૨૪૧ |

| | |
|---|---|
| સાખજીરૂ | ૩૭૩૦-૩૭૭૧ |
| અજમો | ૯૫૦-૧૩૬૫ |
| ગોવાર | ૯૩૦-૯૩૫ |
| રાયડો | ૧૦૮૦-૧૦૯૪ |
| મગ | ૧૨૦૧-૧૨૫૦ |
| ઈશબગુલ | ૧૮૦૦-૧૮૨૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૮-૧૪ |
| બટેટા | ૧૩-૧૮ |
| ટમેટા | ૧૫-૩૨ |
| મરચા | ૨૦-૪૦ |
| મરચી | ૨૦-૩૫ |
| રીંગણા કાળા | ૩-૧૫ |
| રીંગણા બાજરીયા | ૩-૧૫ |
| કોબી દેશી | ૪-૧૦ |
| કોબી | ૫-૧૮ |
| ફુલાવર | ૪૫-૫૦ |
| ફુલાવર દેશી | ૨૫-૫૦ |
| વટાણા | ૧૦૦-૧૨૦ |
| ધાણા | ૫૦-૮૦ |
| ભીંડા | ૧૦-૩૫ |
| કાકડી કાળી | ૫-૧૫ |
| કાકડી સફેદ | ૫-૧૫ |
| કાકડી ખીરા | ૨૦-૪૦ |
| પાલક | ૫-૧૫ |
| લસણ સુકું | ૫૦-૧૦૦ |
| લીંબુ | ૨૦-૪૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૨૦-૩૫ |
| દુધી | ૧૦-૨૨ |

| | |
|---|---|
| આદુ | ૫૦-૭૦ |
| કારેલા | ૩૦-૫૦ |
| શક્કરિયા | ૨૦-૩૫ |
| ચોળા ડોલર | ૧૫-૪૦ |
| ગીલોડા | ૩૦-૫૦ |
| મરચા સીમલા | ૫૫-૭૦ |
| ગોવાર દેશી | ૫૦-૯૦ |
| ગોવાર | ૫૦-૯૦ |
| ગીસોડા | ૨૦-૭૦ |
| પરવળ | ૩૦-૫૦ |
| સરગવો | ૨૦-૪૦ |
| ગેલકા | ૨૦-૩૦ |
| કોળુ | ૮-૧૨ |
| બીટ | ૨૦-૩૦ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૮-૨૦ |
| કેળા પાકા | ૨૦-૨૫ |
| પપૈયા કાચા | ૫-૧૦ |
| પપૈયા પાકા | ૫-૧૫ |
| જામફળ | ૨૦-૧૦૦ |
| ચીકુ | ૧૦-૩૫ |
| શક્કરટેટી | ૫-૨૦ |
| ફણસી | ૭૦-૧૦૦ |
| દાડમ | ૧૦-૫૦ |
| કલીંગર | ૫-૧૩ |
| કાચી કેરી | ૧૦-૨૦ |
| પાકી કેરી | ૧૦-૫૦ |
| કેસર કેરી | ૨૦-૬૦ |
| રાજાપુરી કેરી | ૨૦-૩૦ |

# ડીપીએ-કંડલા સ્થિર વિકાસ માટે પ્રતિબદ્ધ : પર્યાવરણનું જતન કરીએ : સુશીલકુમારસિંગ

## ગ્રીન હાઈડ્રોજન હબની દીશામાં કંડલા દેશભરમાં સિમાચિહ્નરૂપે કરી રહ્યુ છે આગેકુચ : ચેરમેનશ્રી ડીપીએ







વિશ્વપર્યાવરણદિવસ પર, ડીપીએ કંડલાએ ટકાઉપણું અને પ્લાસ્ટકી મુકત બનવાના વૈશ્વિક મિશન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી. ગ્રીન કવરના સંરક્ષણ અને નવીનીકરણીય ઉર્જા અપનાવવાથી લઈને ગ્રીન પોર્ટ પહેલને પ્રોત્સાહન આપવા સુધી - દરેક પગલું સ્વચ્છ, હરિયાળું આવતીકાલ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.શ્રી સુશીલ કુમાર સિંહ, IRSME, DPA ના અધ્યક્ષ, વરિષ્ઠ અધિકારીઓ અને હિસ્સેદારોએ વૃક્ષારોપણ ઝુંબેશમાં ભાગ લીધો, જે ટકાઉ દરિયાઈ ભવિષ્યને આકાર આપવામાં અમારી ભૂમિકાને મજબૂત બનાવે છે.

# સરકારે ખેડુતોને તો ખુશ કર્યા પણ મધ્યમવર્ગ માટે કપડા મોંઘા કર્યા

## કપાસના ટેકાના ભાવમાં વધારાથી ગારમેન્ટ ઉદ્યોગ પર મોટી અસર

સમર્થન મૂલ્ય વધવાથી કોટન ફેબ્રિકથી બનનાર ગારમેન્ટમાં પાંચ ટકાનો વધારો થઈ શકે છે. કારણ કે કોટનના ભાવ વધવાથી યાર્ન, ફેબ્રિક બધુ મોંઘુ થઈ જશે.

નવી દિલ્હી : કપાસમાં ન્યુનતમ સમર્થન મુલ્યમાં વધારાથી તેની ખેતી કરનાર ખેડુતોને નિશ્ચિત રીતે ફાયદો થશે. પરંતુ કોટનથી બનનારા કપડાં મોંઘા થવાની આશંકા જાહેર કરાઈ રહી છે. આ વધારાથી ટેકસટાઈલની નિકાસને પણ અસર થવાની આશંકા છે. ટેકસટાઈલમાં યાર્ન, ફેબ્રીક અને ગારમેન્ટ ત્રણેયનો સમાવેશ થાય છે. ભારત આ ત્રણે વસ્તુઓની અલગ અલગ નિકાસ કરે છે. જો કે તેમાંથી ગાર્મેન્ટ નિર્માથી સૌથી વધુ રોજગારનું સર્જન થાય છે. હાલમાં જસરકારેઆગામી કોટનસીઝન (ઓકટોબર-સપ્ટેમ્બર) માટે તેના એમએસપીમાં ૭ ટકાનો વધારો કર્યો છે.લોંગ કોટનના એમએસપીને હાલમાં ૭૫૨૧ કિવંટલથી વધારીને ૮૧૧૦ તો મીડીયમ કોટનના એમએસ પીને ૭૧૨૧થી વધારીને ૭૭૧૦ રૂપિયા દર કિવન્ટલે કરી દેવાયા છે.ગુજરાત અને પંજાબનાગામેન્ટવ્યાવસાયિકોનું માનવું છે કે, કોટનના ન્યુનતમ

# મુન્દ્રાના બેરાજા ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ફોર્મ ભરાયા



મુન્દ્રા : તાલુકાના બેરાજા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શુક્રવારે શુભમુહૂર્તમાં સરપંચ પદ માટે યુવા ઉમેદવાર જાડેજા જયેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ (લાલુભા)એ પોતાની સંપૂર્ણ પેનલ સાથે ફોર્મ રજૂ કર્યું હતું. આ તકે તેમણે જીતના મજબૂત દાવા સાથે ગામમાં વિકાસની ખૂટતી કડીઓની પૂર્તતા કરવા અને તમામ સમાજોને સાથે રાખી ગામનો વિકાસ કરવાની ખાતરી આપી હતી. ગામમાં સફાઈ, પાણી, આરોગ્ય, શિક્ષણ જેવી સુવિધાઓ વધારવાની નેમ વ્યક્ત કરી હતી. તેમની સાથે ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભારતના ૪૦% અમીરો દેવામાં ડુબ્યા છે : ઉંચી આવક ધરાવતા ૪૩% ની બચત ૨૦% પણ નથી

નવી દિલ્હીઃ ભારત હવે વિશ્વની સૌથી મોટી ઈકોનોમી બનવા જઈ રહ્યું છે તે સમયે પણ આવક-સંપતિને સમાન વહેચણી મુદે પણ અનેક પ્રશ્નનો છે અને અમીરો પાસે વધુને વધુ સંપતિનો સંગ્રહ થતો જાય છે અને ગરીબો તથા મધ્યમવર્ગની આવક યથાવત રહે છે તે વચ્ચે એક નવા સર્વેમાં એ જાણવા મળ્યુ છે કે ભારતમાં તમામ અમીરોની હાલત પણ સારી નથી.૪૦% અમીરો પણ કર્જમાં ડુબ્યા છે. ભારતમાં શેરબજારથી નાણાકીય બજાર-રીયલ એસ્ટેટના બુમ- જબરી તેજીથી એક વિશાળ વર્ગને મોટો લાભ થયો છે અને ખાસ કરીને દેશમાં બીલીયોનર્સની સંખ્યા એ વિશ્વમાં ટોચના ધનવાન દેશોના અબજોપતિઓની સંખ્યા સાથે સ્પર્ધા કરે છે પણ એક રિપોર્ટ મુજબ ભારતના ૪૦% ધનવાનો જેમની સંપતિ અંગે અવારનવાર આંકડાઓ બહાર આવે છે. તેઓના દેવા અંગે પ્રથમ રિપોર્ટમાં દેશના ૪૦% અમીરો દેવામાં ડુબ્યા હોવાનું બહાર આવ્યુ છે તો હાઈ નેટવર્થ વ્યક્તિગત ધનવાનોમાં ૪૩% એવા છે જે તેની આવકના ૨૦% પણ બચાવી શકતા નથી. દેશમાં અર્થતંત્રના વધતા જતા વ્યાપ સાથે અમીરો તેમના નાણાકીય લક્ષ્યો સાધવામાં તેટલા સક્ષમ બન્યા નથી. આ પ્રકારના લાભાર્થી તેમના સંતાનોના શિક્ષણથી તેમની નિવૃતિ બાદની બચત વિ.નો સમાવેશ થાય છે. એ વાસ્તવિકતા બની છે કે, કમાણીમાં વૃદ્ધિ થઈ હોવા છતાં આ કેટેગરીમાં આવતા લોકો પાસે પુરતી બચત નથી અને ૪૦% તો દેવામાં ડુબેલા છે. ૪૩% એવા ધનવાનો છે જે તેનો ટેકસ ચુકવ્યા બાદ તેની આવકના ૨૦% પણ બચાવી શકતા નથી. ખાસ કરીને ૩૦-૪૫ વર્ષના વયના જે નવા ધનવાનો છે તેઓમાં ૫૦% દેવામાં ડુબેલા છે. તેઓને પોતાના રીટાયરમેન્ટ પ્લાનમાં મોટી મુશ્કેલી પડી રહ છે. આ સર્વે દેશના ગ્રેડ-૧ થી ગ્રેડ-૩ શહેરોમાં કરવામાં આવ્યો હતો અને જેઓની વાર્ષિક આવક વર્ષ રૂા.૨૦ લાખ કે તેથી વધુ છે. તેઓનો સમાવેશ કરાયો હતો.

# TRP અગ્નિકાંડ પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેરે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી

રાજકોટ : રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં રાજકોટ મનપાના પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી છે. આ પહેલા કાલાવડ રોડ ફાયર સ્ટેશનના પૂર્વ એસટીઓ રોહિત વિગોરાએ પણ સુપ્રીમમાં જામીન અરજી દાખલ કરી છે.આ આરોપીઓ છેલ્લા એક વર્ષથી રાજકોટ સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે બંદીવાન છે.સમગ્ર વિગત જોઈએ તો તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઈજા થઈ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી.આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર), રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કધહેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઈ રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકરભાઈ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશભાઈ રામજીભાઈ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીતભાઈ આસમલભાઈ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપ ીઓ (૧૨) જયદીપ બાલુભાઈ ચૌધરી (૧૩) રાજેશભાઈ નરશીભાઈ મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઈલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે.

# ગુજરાતમાં ૨૦ પાકિસ્તાની તથા ૭૦ બાંગ્લાદેશી લાપતા : સુરક્ષા તંત્ર એલર્ટ

## જુદા-જુદા રાજયોમાંથી પાક જાસુસોની ધરપકડ વચ્ચે ગાયબ પાકિસ્તાનીઓની શોધખોળ

અમદાવાદ : પહેલગામ હુમલા બાદ પાકિસ્તાન સાથે મીની યુદ્ધ અને પાક-બાંગ્લાદેશી નાગરિકોને હાંકી કાઢવાનાં અભિયાન વચ્ચે ૨૦ પાકિસ્તાની તથા ૭૦ બાંગ્લાદેશીઓ લાપતા થતાં સુરક્ષા તંત્ર એલર્ટ બન્યુ છે અને તેઓને પકડવા આકાશપ ાતાળ એક કરવામાં આવી રહ્યા છે.પહેલગામ હુમલા બાદ ભારત સરકારે તાબડતોબ એકશન લઈને પાકિસ્તાનથી આવેલા નાગરિકોના વિઝા રદ કરીને પરત જવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. ઉપરાંત ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓને પણ અટકાયતમાં લઈને દેશનિકાલની પ્રક્રિયા કરી હતી.

છેલ્લા દિવસોમાં જયોતિ મલ્હોત્રા સહીત પાક જાસુસોનો ભાંડો ફૂટતા તમામ રાજયોને વોચ વધારવાની સુચના આપવામાં આવી હતી. આ દરમ્યાન ગુજરાતમાંથી ૨૦ પાકિસ્તાની તથા બાંગ્લાદેશી ગાયબ હોવાનું બહાર આવતા સુરક્ષાતંત્ર સ્તબ્ધ છે.

ગુજરાત, પંજાબ, રાજસ્થાન જેવા રાજયોમાંથી પાક જાસુસોની ધરપકડ થઈ રહી છે. તેવા સમયે ગુજરાતમાંથી લાપતા પાક-બાંગ્લાદેશી નાગરિકોને કારણે સુરક્ષા તંત્ર ચિંતામાં મુકાયું છે.

ફરાર પાક-બાંગ્લાદેશી નાગરિકોની શોધખોળ કરીને ઝડપી પાડવા સુરક્ષા એજન્સીઓએ કમર કસી છે. કેવા સંજોગોમાં તેઓ લાપતા બન્યા સહિતના મામલે પણ તપાસ થઈ રહી છે.

# દિલ્હીમાં બકરીદ પર પશુ બલિ પર પ્રતિબંધ, સરકારે જાહેર કરી એડવાઈઝરી

નવી દિલ્હીઃ ભારતમાં ૭ જૂને બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવશે, જેના માટે લગભગ બધી તૈયારીઓ થઈ ગઈ છે. તે જ સમયે, સરકારે સલાહકારમાં કહ્યું છે કે આ પ્રસંગે ગાય, ઊંટ અને અન્ય પ્રતિબંધિત પ્રાણીઓની કુરબાની આપવામાં આવશે નહીં. આ પછી પણ, જો કોઈ આવું કરશે, તો તેની સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે, એવું પણ કહેવામાં આવ્યું છે કે જે પ્રાણીઓની કુરબાની આપવામાં આવે છે તેમની કુરબાની આપતી વખતે, સ્વચ્છતાનું ધ્યાન રાખો અને ફક્ત નિર્ધારિત સ્થળોએ જ તેમની કુરબાની આપો.વિકાસ મંત્રી કપિલ મિશ્રાએ સરકારની સલાહ સોશિયલ મીડિયા પર શેર કરી અને પોતાની પોસ્ટમાં લખ્યું કે ગાય અને ઊંટની કુરબાનીની મંજૂરી નથી, તેને ગુનો ગણવામાં આવશે.

# ભુજના કેમ્પ એરિયામાંથી ઠગાઈનો પ્રયાસ કરનારા બે શખ્સ સામે ગુનો

## ૨ લાખના ૬ લાખ આપવાનો વીડિયો વાયરલ કર્યો હતો

ભુજ : હાલ શહેરમાં એકના ડબલ અને ત્રણ ગણા કરી આપવાની લાલચ આપી ઠગાઈના બનાવો વધી રહ્યા છે, જેમાં ઈન્સ્ટાગ્રામમાં નકલી નોટોના થપ્પા રાખી આ પ્રમાણે ઠગાઈ કરવામાં આવતી હોય છે. ત્યારે કેમ્પ એરિયાના બે શખ્સ સામે ગુનો દાખલ કરાવાયો હતો.

એસઓજીએ નોધાવેલી ફરિયાદ મુજબ ચલણી નોટના બદલામાં ઠગાઈ, સસ્તામાં સોનુ, શેર માર્કેટ સહિતના નામે સોશ્યિલ મીડિયામાં વીડિયો અપલોડ કરી ઠગાઈ કરવાની કોશિષ કરતા વ્યક્તિઓને શોધવા માટે સોશ્યિલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી છે. જેમાં ભાવીન પટેલ નામની આઈડીની સ્ટોરીમાં એક વિડિયો જોવા મળ્યો હતો. જેમાં ૧૦૦ અને ૫૦૦ના દરની નોટો હતી. ૧૬-૫ના આ વીડિયો રાખેલો હતો. મશીનમાં રૂપિયા ગણવામાં આવતા હતા. આ આઈડીમાં વધુ વીડિયો ચેક કરતાં હેન્ડ ટૂ હેન્ડ ડિલિવરી ૨ લાખના ૬ લાખ મુંબઈમાં, ૩ લાખના ૯ લાખ લોકેશન ગુજરાત જેવા લખાણ સાથેના વીડિયો જોવા મળ્યા હતા. જેથી તપાસ કરીને કેમ્પ એરિયામાં રહેતા અબ્દુલ રજાક રઉફ રાયમા અને ફૈઝાન ફિરોઝ મોગલને પોલીસ સ્ટેશન બોલાવી પુછપરછ કરવામાં આવી હતી. જેમાં કબૂલાત આપી કે, તેઓએ મિત્રના નામે સીમકાર્ડ લઈ ફૈઝાનના મોબાઈલમાં રોહન પટેલ નામની ઈન્સ્ટાગ્રામની ફેક આઈડી બનાવી હતી. આ આઈડીનું નામ બદલીને બાદમાં ભાવિન પટેલ કરવામાં આવ્યું હતું. આ આઈડીનો વપરાશ ફૈઝાન મોગલ કરતો હતો. બંને જણાએ છેતરપિંડીના ઈરાદે વીડિયો બનાવી સોશ્યિલ મીડિયામાં પોસ્ટ કર્યા હોવાથી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# શિકારપુરમાં દેશી બંદુક સાથે બે કિશોર પકડાયા

ભચાઉ : તાલુકાના શિકારપુર નજીક કાચા રસ્તા પર સામખિયાળી પોલીસે દેશી બંદુક સાથે બે શખ્સને ઝડપી લીધા હતા. તપાસ કરતાં બંને ૧૬ વર્ષના હોવાનું સામે આવ્યું હતું. ગેરકાયદે રીતે લાયસન્સ વગરની હાથ બનાવટની ૨ હજારની બંદુક લઈને બંને જણા જતા હતા, જેથી ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કરાર આધારિત જ્ઞાન અને શિક્ષણ સહાયકોના કરાર રિન્યૂ થવાના સંકેત

## નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લેવાય તેવી શક્યતા

ભુજ : આગામી ૯મી જૂન, સોમવારથી નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થતાં જ કચ્છની શાળાઓ ફરી વિદ્યાર્થીઓથી ગાજી ઉઠશે. રાજ્ય સરકાર દ્વારા હાલે કાયમી શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ હજુ સુધી શિક્ષકોની ભરતી થઈ નથી ત્યારે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઈ મહત્ત્વનો નિર્ણય લેવાય તેવા સંકેત મળી રહ્યા છે.

શિક્ષણ ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે જ્યાં સુધી કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી કરાર આધારિત જ્ઞાન સહાયક અને શિક્ષણ સહાયકના કરાર રિન્યૂ કરવામાં આવે તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઈ બાળકોનું ભણતર શિક્ષકોના અભાવે અટકે નહીં તે માટે મહત્ત્વનો નિર્ણય લેવાય તેવી શકયતાઓ જોવાઈ રહી છે.

અત્રે નોંધનીય છે કે, સોમવારથી ૪૫ દિવસ લાંબા ઉનાળુ વેકેશન બાદ ફરી શાળાઓ શરૂ થઈ રહી છે. આ પૂર્વે કચ્છમાં શિક્ષકોની ઘટને નિવારવા રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં નિમણૂક ત્યાં નિવૃત્તિની શરત સાથે ૪૧૦૦ વિદ્યા સહાયકોની ખાસ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. સામાન્ય ભરતી અને ખાસ ભરતીની પ્રક્રિયા હાલે પ્રગતિમાં છે. તેવામાં નવું શૈક્ષણિક વર્ષ સોમવારથી શરૂ થઈ જવા રહ્યું છે ત્યારે કરાર આધારિત જ્ઞાન સહાયકો અને શિક્ષણ સહાયકોના પૂર્ણ થઈ ગયેલા કરાર રિન્યૂ કરવામાં આવે તેવી શક્યતાઓ શરૂ થયા બાદ છાત્રોનું શિક્ષણ શિક્ષકોના અભાવે અટકે નહીં તે માટે વિદ્યાર્થી હિતને ધ્યાને લેવાશે તેવું જાણવા મળી રહ્યું છે.

# ટ્રમ્પ સાથે "દુશ્મનાવટ" મસ્કને ભારે પડીઃ ટેસ્લાના શેર ૧૪% ઘટયાઃ ૬૧૫૩ બિલિયનનું નુકસાન

વોશીંગ્ટન તા.૬- ટેસ્લાના માલિક એલોન મસ્ક યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટમાંથી બહાર નીકળી ગયા છે. આ પછી, બંને વચ્ચે વિવાદ શરૂ થયો છે અને અણબનાવ દુનિયા સમક્ષ ખુલ્લેઆમ બહાર આવ્યો છે. ટ્રમ્પ સાથેની મિત્રતા પછી, દુશ્મનાવટની અસર એલોન મસ્કની કંપની ટેસ્લા પર પડવા લાગી છે. ગુરુવાર, ૫ જૂન, ૨૦૨૫ ના રોજ, ટેસ્લાના શેરમાં ૧૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો. તમને જણાવી દઈએ કે વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ પર મતભેદોથી શરૂ થયેલો ટ્રમ્પ અને મસ્ક વચ્ચેનો વિવાદ હવે વ્યક્તિગત હુમલાઓ, સરકારી કરારોની ધમકીઓ અને રાષ્ટ્રીય નીતિઓની અસર સુધી પહોંચી ગયો છે. કે ટેસ્લાના માલિકે કહ્યું કે ટ્રમ્પ તેમના વિના ચૂંટણી હારી ગયા હોત. તે જ સમયે, ટ્રમ્પે મસ્ક સાથેના ફેડરલ કરારને સમાપ્ત કરવાની પણ ધમકી આપી હતી. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ટેસ્લાના શેરમાં ૧૪ ટકાના ઘટાડાને કારણે તેનું બજાર મૂલ્ય ૦૧૫૩ બિલિયન ઘટી ગયું છે. રોકાણકારોએ મસ્ક સાથે ટ્રમ્પના સંબંધો પર નારાજગી વ્યક્ત કરી હતી. તે જ સમયે, ડૈંઈ માં મસ્કની ભૂમિકાને કારણે શરૂઆતમાં ટેસ્લાના શેરમાં ઘટાડાને કારણે કંપનીને ઘણું નુકસાન થયું. ટ્રમ્પના વહીવટમાં એલોન મસ્કની ભૂમિકા અંગે શેરધારકો ઘણા મહિનાઓ સુધી નારાજ હતા. તે જ સમયે, જ્યારે મસ્કે એપ્રિલ મહિનામાં ટેસ્લા પર વધુ ધ્યાન આપવાનું વચન આપ્યું હતું, ત્યારે શેરબજારમાં ઉછાળો આવવા લાગ્યો, જોકે ગયા અઠવાડિયે મસ્ક દ્વારા ઔપચારિક રીતે સરકાર છોડ્યા પછી મસ્ક અને ટ્રમ્પ વચ્ચે તિરાડ પડી ગઈ. ટેક્સ કાયદેસરકરણ અંગે બંને વચ્ચે વિવાદ થયો હતો.

# ધારીમાં ગેરકાયદે સિંહ દર્શન કરવો ભારે પડ્યો, વન વિભાગે પાંચ શખસોને રૂ.૯૦ હજારનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ગીર : ધારી ગીર પૂર્વના ખાંભા તુલસીશ્યામ રેંજના કોદિયા વીડી વિસ્તારમાં ગેરકાયદે સિંહ દર્શન કરનાર તત્ત્વો સામે વન વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. કોદીયા વીડીમાં વિસ્તારમાં મોડી રાત્રે કાર લઈને સિંહ દર્શન માટે ઘૂસી રહેલા પાંચ શખસોને વન વિભાગે ઝડપી પ ાડ્યાં છે. વન વિભાગે ૯૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારી કડક કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર, ખાંભા તુલસીશ્યામ રેંજના કોદિયા વીડીમાં વિસ્તારમાંથી પાંચ શખસોને ફોરેસ્ટ વિભાગે ઝડપી પાડ્યા છે. ખાંભા વન વિભાગ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન કોદિયા વીડીમાં વિસ્તારમાં ગેરકાયદે સિંહ દર્શન કરનાર ભાવનગરના ૨ અને ખાંભાના ૩ શખસો સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. આ પાંચ શખસો સામે કાયદેસરની કાર્યવાહી કરી ૯૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

# પહેલા પાનાથી...

### ભારતના 'જન્નત'

વંદે ભારત ટ્રેનને પણ લીલીઝંડી આપી છે. તે ઉપરાંત કાશ્મીરને ૪૬ હજાર કરોડનાના વિકાસકામોની પણ ભેટ આપી છે. મોદીજીની સાથે આજ રોજ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવ, ઓમર અબ્દુલ્લા સહિતનાઓ રહ્યા હતા.

### અપીલ વિના

કોઈ અપીલ દાખલ કરી નથી, તો હાઈકોર્ટ પોતાની રીતે (સ્વયં) આરોપીની સજા વધારી શકતી નથી અને ન તો તેના પર નવો આરોપ ઉમેરી શકતી છે.' બેન્ચે એમ પણ કહ્યું હતું કે 'અપીલ કરનાર વ્યક્તિને અપીલ પછી પહેલા કરતાં વધુ સજા ન મળવી જોઈએ. એટલે કે, વ્યક્તિ અપીલ કરીને પોતાની સ્થિતિ વધુ ખરાબ કરી શકે નહીં.'સુપ્રીમ કોર્ટે આઈપીસીની કલમ ૩૦૬ (આત્મહત્યા માટે ઉશ્કેરવું) હેઠળ હાઈકોર્ટ દ્વારા આપ વામાં આવેલી સજા રદ કરી. આઈપીસીની કલમ ૩૫૪ અને ૪૪૮ હેઠળ ટ્રાયલ કોર્ટે આપેલી સજા યથાવત રાખવામાં આવી. કોર્ટે કહ્યું કે આરોપીને જે ગુના હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને જેના માટે અપીલની યોગ્ય સુનાવણી થઈ છે તે મુજબ સજા થવી જોઈએ. નાગરાજનને ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલી સજા ભોગવવી પડશે અને તે મુજબ દંડ પણ ભરવો પડશે.

### 'જે કંઈ પણ થઈ

અને કહ્યું કે, 'જે કંઈ પણ થઈ રહ્યું છે, તેનો હું જ બાપ-દાદા છું.... દરેક વસ્તુ માટે હું જવાબદાર છું.'રાહુલ ગાંધીની આ ટિપ્પણી મહત્ત્વપૂર્ણ હતી કારણ કે તેમણે ગુજરાતથી મધ્યપ્રદેશ સુધીના પોતાના પક્ષના નેતાઓ પર પ્રહારો કર્યા છે. ગુજરાતમાં તેમણે ઘણા કોંગ્રેસી નેતાઓને ભાજપ ના સ્લીપર સેલ કહ્યા. પછી મધ્યપ્રદેશમાં તેમણે ઘણા રાજ્ય નેતાઓને બારાત કા ઘોડા કહ્યા અને કહ્યું કે તેમના પર ભરોસો કરીને રેસ જીતી શકાતી નથી.

### ભ્રષ્ટાચારને લઈને રાજ્ય

ઘણી બધી તપાસોની અરજીઓ પેન્ડિંગ હતી. જેને પગલે પીએસઆઈ સિસોદિયાને બુધવારના રોજ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રાજ્ય પોલીસ વડાની સૂચનાથી સ્ટેટ મોનેટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય અને તેમની ટીમ દ્વારા હાલ તપાસ કરવામાં આવી રહી છે.CID ક્રાઈમના EOW વિભાગમાં ચાલતી કાર્ય પદ્ધતિનું મૂલ્યાંકન કરવું તથા કાર્ય પ્રણાલીની અંદર સુધારો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર CID ક્રાઈમના EOW વિભાગમાં ચાલતી લાલિયાવાડી તથા બેદરકારી અંગેની અનેક મૌખિક રજૂઆતો ધ્યાને આવી હતી. જેના બાદ વિભાગીય સુધારા કરવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલને સૂચના આપવામાં આવી છે.

ત્યારે હાલના તબક્કે CID ક્રાઈમના EOW વિભાગમાં મહત્વની અરજીઓ તથા કરોડો રૂપિયાની ઠગાઈની ફરિયાદોમાં પોલીસ દ્વારા શું કામગીરી કરવામાં આવી છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. મુખ્યત્વે EOW વિભાગમાં ફરજ બજાવતા PSI સિસોદિયા પાસે જેટલી પણ તપાસની અરજીઓ હતી તેમાં બેદરકારી રાખવા બદલ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### રાજ્યના નાગરિકો સાથે

છે, જેમાં સ્ટેટ લેવલથી એક ડેડિકેટેડ ટીમ ૨૪x૭ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ થતી પોલીસ વિભાગને સ્પર્શતી અને ગુના સંબંધિત પ્રવૃત્તિઓ, ફરિયાદો કે સારા કાર્યને રિયલ ટાઈમ વોચ કરે છે. આ ટીમ ગુજરાત પોલીસના X હેન્ડલ ટેગ કરીને કરવામાં આવેલી પોસ્ટને ગણતરીની મિનિટોમાં રિસ્પોન્સ આપે છે. ત્યાર બાદ લૉ એન્ડ ઓર્ડર, ટ્રાફિક સમસ્યા, પ્રોહીબિશન, સાયબર ફ્રોડ, સરકારી અધિકારી કર્મચારી દ્વારા લાંચ માંગણી કે દુર્વ્યવહાર જેવા વિવિધ પ્રશ્નો સંદર્ભે તાત્કાલિક સંબંધિત રેન્જ, જિલ્લા કે એકમના વડાને તે જ પોસ્ટ ઉપરથી જરૂરી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે

આ પોસ્ટ અંગે શું કાર્યવાહી કરી તે અંગે પણ સંબંધિત જિલ્લા, રેન્જ કે એકમના વડા તેમની ટીમને ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપશે અને સમય મર્યાદામાં તેમણે કરેલી કામગીરી કે લીધેલા એક્શન તે જ પોસ્ટ પર કોમેન્ટ કરી અપડેટ કરે છે. રાજ્યસ્તરની ટીમ ઉપરાંત રેન્જ વડા અને જિલ્લા પોલીસ વડા એમ ત્રણ લેવલથી આ બાબતનું સતત મોનિટરિંગ કરી પોલીસે કરેલી કામગીરીને ટ્રેક કરવામાં આવે છે.

# ગ્લોબલ વોર્મિંગથી આવનારા અઢી દાયકામાં અનાજની અછત સર્જાશે

નવી દિલ્હી : જલવાયું પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ) થી ખાદ્ય સુરક્ષાને મોટો ઝટકો લાગી શકે છે. તાપમાનમાં વૃદ્ધિ, અનિયમીત વરસાદ, દુકાળ પુર અને હિટવેવ જેવી હવામાનની ઘટનાઓની સીધી અસર ખેતી પર પડી શકે છે. જેથી ૨૦૫૦ સુધી મુખ્ય ખાદ્યાન્ન પાકોનાં ઉત્પાદનમાં ભારે ઘટ આવી શકે છે. અસિંચીત ક્ષેત્રોમાં ખાધાન ઉત્પાદનમાં ૧૦થી ૩૦ ટકા ઘટની આશંકા છે. આઈએનસીસીએનાં રિપોર્ટ બાદ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ફાર્મલ એસોસીએશન (VVk)એ જલવાયું પરિવર્તનથી સંભવિત ક્ષતિ પર ચિંતા બતાવતાં ખેડુતોની આવક વધારનાર હવામાન અનુકુળ કૃષિ પર જોર આપવામાં આવ્યું છે. ઈન્ડીયન નેટવર્ક ફોર કલહમેટ ચેન્જ એસેસમેન્ટ (આઈએનસીસીએ)નાં રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સૌથી વધુ અછત ઘઉં તેમજ ધાન જેવી મુખ્ય પાકોની ઉપજમાં થઈ શકે છે.

# ગુજરાતમાં સરકારી વીજ કંપનીઓની ઓનલાઇન સેવાઓ આજથી ૧૦ જૂન સુધી બંધ રહેશે

ગાંધીનગર : ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ ડેટા સેન્ટર ખાતે નોન-આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નવીનીકરણની કામગીરીને લઈને સરકારી વીજ કંપનીઓની ઓનલાઇન સેવા આજે સાંજે ૬ વાગ્યાથી ૧૦ જૂનના સવારે ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે. આ મામલે પેૈફદ્વન્એ તેની સત્તાવાર વેબસાઈટ પર જાણકારી આપી છે. GUVNLના જણાવ્યા મુજબ, આજે શુક્રવારે (૬ જૂન) સાંજના ૬ વાગ્યાથી ૧૦ જૂને ૧૦ વાગ્યા સુધી GUVNL અને તેની વીજ વિતરણ કંપનીઓમાં UGVCL, MGVCL, PGVCL, DGVCL, GETCO અને GSECLની ઓનલાઈન સેવા બંધ રહેશે. GUVNL ડેટા સેન્ટર ખાતે નોન-આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની કામગીરી કરવાની હોવાથી આ પ્રકારનો નિર્ણય કરાયો છે, ત્યારે ઓનલાઈન લાઈટ બીલ ભરવા સહિતની કામગીરીને લઈને ગ્રાહકોએ તેની નોંધ લેવા જણાવાયું છે. જ્યારે GUVNLની મેઈન્ટેનન્સની કામગીરી પૂર્ણ થતાં ફરીથી ઓનલાઈન સેવા કાર્યરત કરાશે.

# ૧૪ દેશો ઈઝરાયલ-ગાઝા યુદ્ધ રોકવાની તરફેણમાં, જ્યારે અમેરિકાએ UNમાં વીટો કરી પ્રસ્તાવ ફગાવ્યો

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ગાઝામાં યુદ્ધવિરામ કાયમ કરવાના પ્રસ્તાવ પર વીટો લગાવી દીધો છે. UNSCમાં મતદાન થયું હતું, જેમાં ૧૫થી ૧૪ દેશોએ ગાઝામાં યુદ્ધ વિરામના પક્ષમાં મતદાન કર્યું હતું.

આ પ્રસ્તાવમાં તમામ બંધકોની મુક્તિ અને માનવીય સહાયતા પ્રતિબંધોને દૂર કરવાની માંગ કરી હતી. અમેરિકા આ પ્રસ્તાવની વિરૂદ્ધ મતદાન કરનારો એકમાત્ર દેશ હતો. અમેરિકાએ તેને રોકવા માટે પોતાના વીટો પાવરનો ઉપયોગ કર્યો. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકન રાજદૂત ડોરોથી શિયાએ કહ્યું કે, આ પ્રસ્તાવ યુદ્ધવિરામના વ્યૂહનૈતિક પ્રયાસોને કમજોર કરવો છે.

આ પ્રસ્તાવને UNSCના ૧૦ દેશ અલ્જીરિયા, ડેનમાર્ક, ગ્રીસ, ગયાના, પાકિસ્તાન, પનામા, કોરિયા ગણરાજ્ય, સિએરા લિયોન, સ્લોવિનિયા અને સોમાલિયાએ મળીને પ્રસ્તુત કર્યો હતો. જેના પર બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીને સંમતિ વ્યક્ત કરી હતી.

વોટિંગ શરૂ થતા પહેલાં કાર્યવાહક અમેરિકન રાજદૂત ડોરોથી શિયાએ કહ્યું, 'અમેરિકા આ પ્રસ્તાવના પક્ષમાં નથી અને તેમાં કોઈ નવાઈ નથી, આ સંઘર્ષ શરૂ થયા બાદ અમેરિકાએ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે, ઈઝરાયલને પોતાની રક્ષા કરવા માટેનો પોતાનો અધિકાર છે.' શિયાએ કહ્યું કે, આપણે યાદ રાખવું જોઈએ કે, સંયુક્ત રાષ્ટ્રએ હમાસને 'આતંકવાદી' સંગઠન નથી માન્યું. અમે કોઈ એવા પગલાંનું સમર્થન નહીં કરીએ.

## જીએચસીએલે બાડા ગામમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# વૃક્ષારોપણ ઝુંબેશ - સમુદાયો સાથે જોડાણ કરી હરિયાળા ભવિષ્યને વેગ આપ્યો

માંડવી : દેશની અગ્રણી સોડા એશ મેન્યુફેક્ચરર જીએચસીએલ લિમિટેડની સીએસઆર કંપની જીએચસીએલ ફાઉન્ડેશને વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આજે માંડવી તાલુકાના બાડા ગામમાં વાઈબ્રન્ટ અને સમાવેશી વૃક્ષારોપણ ઝુંબેશનું આયોજન કર્યું હતું. ગામમાં જીએચસીએલનો ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ શરૂ થવાનો છે. તે પહેલાં આ કાર્યક્રમે સ્થાનિક સમુદાયો. શૈક્ષણિક સંસ્થાઓ અને પર્યાવરણીય સ્ટેકહોલ્ડર્સને પર્યાવરણ પ્રત્યે સભાન કામગીરી કરવા તેમજ સામૂહિક પ્રતિબદ્ધતામાં વધારો કરવા એકમંચ પૂરુ પાડયું હતું. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ દરાડ જાડેજા સમાજવાડી ખાતે હાલમાં જ બનાવવામાં આવેલા કોમ્યુનિટી શેડનું ઉદ્ઘાટન રહ્યું હતું, જે જીએચસીએલ દ્વારા ગામના લાભ માટે બનાવવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન જીએચસીએલ લિમિટેડના સિનિયર પ્રેસિડન્ટ અને સીઓઓ શ્રી એનએન રાડિયાએ કર્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસના જુસ્સાને આગળ ધપાવતાં જીએચસીએલ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)ના પ્રતિનિધિઓ દ્વારા કોમ્યુનિટી શેડમાં વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ભારત સરકારની પહેલ, એક પેડ મા કે નામ' ને અનુરૂપ આ કાર્યક્રમમાં ભાગ લેનારા તમામને પોતાના ખેતર તેમજ ઘરે રોપવા માટે છોડ આપવામાં આવ્યા હતાં. ગ્રામજનોને આંબો, જાંબુ અને લીમડા સહિત લગભગ ૩૦૦ ફળ અને ઔષધીય રોપાઓનું







વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંગે જીએચસીએલ લિમિટેડના સિનિયર પ્રેસિડન્ટ અને સીઓઓ શ્રી એનએન રાડિયાએ પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "જીએચસીએલ ફાઉન્ડેશન ખાતે અમે માનીએ છીએ કે, વાસ્તવિક વિકાસની શરૂઆત લોકોથી અને પૃથ્વી માટે થવી જરૂરી છે. બાડા ગામ પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા અમારા ઔદ્યોગિક રોકાણથી અધિક છે. તે અહીના લોકો સાથે લાંબાગાળાના સમુદાયો જોડાણો, સમાવેશી વૃદ્ધિ અને ટકાઉપણાંના અમારા વિઝનને પ્રતિબિંબિત કરે છે. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે, સ્થાનિક લોકો સાથે મળી ગ્રીન કવર અને જમીન સાથે જોડાણને વધુ મજબૂત બનાવવા અને વેગ આપવા બદલ અમે ગર્વઅનુભવીએ છીએ."

AGM- એન્લારમેન્ટ (ગ્રીનફિલ્ડ) ડૉ. સંદીપ તિવારી અને જીએચસીએલના સીએસઆર ઓફિસર કલ્યાણ ગઢવી સહિત જીએચસીએલના ટીમના સભ્યોએ આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો. જીએચસીએલે બાડા ગામમાં તેના અપકમિંગ સોડા એશ પ્લાન્ટ માટે બાંધકામ શરૂ કર્યા પહેલાંથી જ ત્યાં વિવિધ સમુદાયો માટે વિકાસલક્ષી કાર્યક્રમોમાં જોડાઈ છે.જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા કંપની પર્યાવરણીય સંરક્ષણ, શિક્ષણ, હેલ્થકેર, સ્કીલ ડેવલપમેન્ટ, કૃષિ અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં વિકાસ કાર્યો કરી રહી છે. જેનો ઉદ્દેશ્ય આ ગામનો સમાવેશી અને ટકાઉ વિકાસનો છે. જીપીસીબીના સિનિયર ઓફિસર સતિષ પરમારે ગ્રામજનોને સંબોધિત કરતાં તેમને પર્યાવરણના સંરક્ષણ માટે સક્રિય પગલાં લેવા પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે અર્થપૂર્ણ અને કાયમી અસર હાંસલ કરવા સમુદાયોના નેતૃત્વ હેઠળ પર્યાવરણીય પહેલોના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. બાડા ગામના સરપંચ શ્રી વિરમભાઈ કોળીએ સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'ગામમાં અગાઉ ક્યારેય આ પ્રકારના કાર્યક્રમો યોજાયા નથી. આ સંયુક્ત પ્રયાસ હાથ ધરવા બદલ હું દિલથી આભાર માનું દરવર્ષે ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થાય છે, જે પર્યાવરણ પ્રત્યે વૈશ્વિક સ્તરે જાગૃતિ અને સભાનતા કેળવવા પ્રોત્સાહન આપતું યુનાઈટેડ નેશન્સનું ફ્લેગશીપ પ્લેટફોર્મ છે. આ કાર્યક્રમમાં ટકાઉ કામગીરીને વેગ આપતાં ગ્રામજનો અને સહભાગીઓને આશરે ૩૦૦ કાપડની થેલીનું વિત્તરણ કરવામાં આવ્યું હતું. જે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવામાં મદદરૂપ થશે. જે આ વર્ષની થીમ 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન' (પ્લાસ્ટિક પ્રદુષણને દૂર કરો)ને સંરેખિત છે.

## આદિપુરના સેવાભાવી આગેવાનના અવસાનથી શોક ફેલાયો



ગાંધીધામઃ વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા અને માનવ સેવા અને પ્રાણી સેવા દ્વારા અનોખી છાપ ઊભી કરનાર આગેવાન રમેશ હીરાનંદ નાથાણી (ભાનુશાલી)ના અવસાનથી આદિપુર સંકુલમાં શોક ની લાગણી ફેલાય છે. તેઓ આદિપુર સંકુલ ની વિવિધ સંસ્થાઓમાં સહયોગી રહી દરેક સેવાકીય પ્રવૃત્તિમાં સદાય ખડે પગે રહેતા હતા. તેઓ આદિપુર ભાનુશાલી સમાજના ગયા વર્ષે પ્રમુખ પદે પણ રહી નોંધનીય સેવાઓ આપી હતી.આશાપુરા સેવા મંડળ આદિપુરના નેજા હેઠળ તેમણે વર્ષો સુધીમાં આશાપુરા માતાના મઢ પગપાળા જતા યાત્રાળુઓ માટે સેવા કેમ્પમાં અને કોરોના કાળ દરમિયાન પણ સેવાકિય કાર્યો મા સતત સહયોગી રહ્યા હતા. વર્ષોથી આદિપુરના સોનાપુરી ટ્રસ્ટ સ્મશાનમાં દર રવિવારે સાફ-સફાઈ, વૃક્ષોનું વાવેતર અને રખ રખાવની પ્રવુતિમા તેમનો અમુલ્ય યોગદાન રહ્યો હતો.તેમના નિધનથી સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા સોનાપુરી ટ્રસ્ટના ગોરધનભાઈ પટેલ, માનવતા ગ્રુપના પ્રમુખ ગોવિંદ દનીચા, મહેશ ભાનુશાળી, યોગેશ ઠક્કર, જગદીશ ઠક્કર, ધર્મેન્દ્ર દૂધકિયા, લાલ નાથાણી, રવિ નાથાણી , લાલ કે.કે., અબ્દુલ રાઠોડ તેમજ આશાપુરા મંડળ ના સભ્યો અને સોનાપુરી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તેમના કાર્યોને સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

## અંજારના શિવેન તોષનીવાલે જેઈઈ મેઈન્સમાં ઝળહળતી સફળતા મેળવી



અંજાર : ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ માટે લેવાતી જેઈઈની મેઈન્સ અને એડવાન્સ પરીક્ષામાં અંજારના શિવેન તોષનીવાલે ગૌરવશાળી સફળતા મેળવી કચ્છને ગૌરવ અપાવ્યું છે. તેમણે જેઈઈની મેઈન્સમાં દેશમાં નવમાં અને એડવાન્સમાં ૫૮ મો ક્રમાંક મેળવ્યો છે. અંજારની લીલાવતી હોસ્પિટલના સેવાભાવી તબીબ ડો. વિકાસ તોષનીવાલ અને શિલ્પા તોષનીવાલના પુત્ર શિવેને ગૌરવશાળી સફળતા મેળવી પરિવારને ગૌરવ અપાવ્યું છે. આ પરીક્ષા પાસ કરવા અથાગ મહેનત સાથે નિશ્ચિત ધ્યેય સાથે નિયમિત અને શિસ્તબદ્ધ પદ્ધતિથી અભ્યાસ કર્યો હતો. અમદાવાદમાં પોતાના નાના-નાનીના ઘેર રહીને બોથરા કલાસમાં કોચિંગ મેળવ્યું હતું. હવે શિવેન તોષનીવાલ આઈઆઈટી બોમ્બેમાં કોમ્પ્યુટર સાયન્સમાં પ્રવેશ મેળવશે. અત્રે નોંધનીય છે કે, જેઈઈની એડવાન્સ પરીક્ષા શિવેને ૧૮ મી જેના પાસ કરી હતી. તેમની ગૌરવશાળી સફળતા બદલ પરિવાર અને સ્નેહીજનો, મિત્રવર્તુળે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

# અવસાન નોંધ

**ભચાઉ** : ભાવનાબેન સવજીભાઈ ભટ્ટી (ઉ.વ. ૫૫) તે સવજીભાઈ કરમણભાઈ ભટ્ટીના પત્ની, સ્વ. રતનબેન કરમણભાઈ ભટ્ટીના પુત્રવધૂ, મયૂરભાઈ, શોભનાબેન, જાગૃતિબેન, રવિનાબેનના માતા, જયશ્રીબેન કાનજીભાઈ ભટ્ટી, પ્રેમીલાબેન રમેશભાઈ ભટ્ટી, ભાવનાબેન ગાવિંદભાઈ, ભટ્ટીના મોટા ભાભી, સ્વ. ભચુભાઈ, સ્વ. રણછોડભાઈ, ઈશ્વરભાઈ, જેન્તીભાઈના બહેન, જયદીપાભાઈ, સાહિલભાઈ, કિશનભાઈ, ભૂમિકાબેન, હિરલબેન, અંજલિબેન, ભારતીબેન, કૃપાલીબેન, રિંકલબેનના મોટાબા તા. ૪-૬ના અવસાન પામ્યા છે. લોકિકક્રિયા તા. ૬-૬ના શુક્રવારે નિવાસ્થાન જલારામ સોસાયટી, ભચાઉ ખાતે.

**ભુજ** : ભાનુશાલી અ.સૌ. રિદ્ધિબેન નીરવભાઈ નંદા (ઉ.વ. ૩૩) તે ડો. નીરવ શંભુભાઈના પત્ની, શંભુભાઈ પ્રાગજી નંદા (હેપી બિલ્ડર્સ, પ્રમુખ - ભુજ ભાનુશાલી મહાજન) અને શોભનાબેનના પુત્રવધૂ, સ્વ. અમૃતબેન પૂંજાલાલ ભદ્રા (લોરિયા - માધાપર), સ્વ. પરસોત્તમભાઈ (પી. પી.નંદા, નિવૃત્ત કસ્ટમ અધીક્ષક), જયંતીલાલભાઈ, ભગવાનદાસભાઈ, અનિલભાઈના ભત્રીજાવધૂ, વિપુલ, સ્વ. નીતિન, જિતેન્દ્ર, પુનિત, પ્રફુલ્લ, રાજેશ (બન્ને ઘાટકોપર - મુંબઈ)ના ભાઈના પત્ની, સાંચીના માતા, ભક્તિબેન ચેતનભાઈ ગોરી (શિરવા - જામનગર)ના ભાભી, ઈશાના કાકી, ગ.સ્વ. અનિલાબેન હરેશભાઈ વિશનજી મેંગર અને તારાબેન હિમતભાઈ વિશનજી પરિવાર (માંડવી)ના પુત્રી, ઉષાબેન મુકેશભાઈ કટારિયા (ધુણઈ), આનંદીબેન કનૈયા કટારિયા (શિરવા), સાગર, હિના અને હરેશભાઈના બહેન તા. ૪-૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન ૪૯, શિવકૃપાનગર, કાર્ગો હોન્ડા શોરૂમની પાછળ, કોલેજ રોડ, ભુજ ખાતે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૬-૬ના શુક્રવારે સાંજે પથી ૬ દરમ્યાન વાગડ બે ચોવીસી, જૈન સમાજવાડી, આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ, ભુજ ખાતે ભાઈઓ અને બહેનો બન્ને માટે.

**કુકમા (તા. ભુજ)** : મૂળ નાગોરના કચ્છ ગુર્જર ક્ષત્રિય ગૌરીબેન નારણભાઈ ચૌહાણ તે સ્વ નારણભાઈ રાજાભાઈ ચૌહાણના પત્ની, સ્વ. પાનીબેન વીરજીભાઈ વસતાભાઈના પુત્રી, સ્વ. ગિરીશભાઈ, નવીનભાઈ, ઈન્દિરાબેન, સ્વ. મીનાબેન, રશ્મીબેન, રીતુબેન (દીપાબેન)ના માતા, સ્વ. સ્મિતાબેન, ઉષાબેન, પ્રભુલાલભાઈ ટાંક, પ્રવીણભાઈ ચૌહાણ, મનોજભાઈ ટાંક, રાકેશભાઈ ટાંકના સાસુ, સૌરભ, હર્ષિલ, અક્ષય, અંજલિના દાદી, મનીષા, સ્વાતી, કૌશલકુમારના દાદીજી, નમનના પરદાદી, મોહિની, દીપિકા, ચિરાગ, મોહિત, અંકિત, કિશન, માર્મિક, ધાર્મિકના નાની, રાજેશભાઈ, આશિષભાઈ, ધ્વનિ, ભૂમિ, નિરાલીના નાનીજી, સ્વ. નાનાલાલભાઈ, સ્વ. મોહનભાઈ, અમૃતલાલભાઈ, સ્વ. દમયંતીબેન (બચુંબેન), ગં.સ્વ. શાન્તિબેન, ગં.સ્વ. જયાબેન, ગં.સ્વ. લીલાબેનના બહેન તા. ૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૬ના શુક્રવારે સાંજે પથી ૬ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સમાજવાડી, કુકમા ખાતે.

**કોડાય (તા. માંડવી)** : રવજી ખીમજી હાલાઈ (ઉ.વ. ૬૧) તે ખીમજી રામજી હાલાઈના પુત્ર, શામબાઈના પતિ, શામજીભાઈ, જગદીશભાઈ, જશુ કલ્પેશ ભંડેરી, હંસાબેન લાલજી રાબડિયા, લીલાવંતીબેન ભરત ભુડિયાના પિતા, અનિતાબેન, દિનાબેનના સસરા, હીરજીભાઈ, માવજીભાઈ, નારાણભાઈ, લાલજીભાઈ, પૂરબાઈ, કાન્તાબેન, રાધાબેન, અમરતબેનના ભાઈ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સવારે ૭થી ૮ નિવાસસ્થાને કોડાય વાડી વિસ્તાર, કોડાય - જીનપ્રેસ રોડ ખાતે.

**પોલડિયા (તા. માંડવી)** : દાજીભા રૂપસંગજી જાડેજા (ઉ.વ. ૮૫) તે સ્વ. લાખુભા, સ્વ. પ્રતાપસિંહ, સ્વ. ગનુભાના નાના ભાઈ, સ્વ. મહિપતસિંહ, મહેન્દ્રસિંહ, રઘુવીરસિંહ, અરવિંદસિંહ, જશવંતસિંહ, ગુણવંતસિંહ, દિલીપસિંહ, નયનસિંહના કાકા, ઈન્દ્રજિતસિંહના દાદા તા. ૨-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૩થી ૭-૬ સુધી દરબારગઢ ડેલી ખાતે તથા ઉત્તરક્રિયા તા. ૧૨-૬ના.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

**મંજલ (તા. નખત્રાણા)** : મોહનબા બટુકસિંહ જાડેજા (ઉ.વ. ૮૭) તે જાડેજા ગોવુભા લાલુભાના ભાભી, સ્વ. જામુભા લાલુભા, સ્વ. અનુભા, સ્વ. ખાનુભા, સ્વ. બળવંતસિંહના ભાઈના પત્ની, સ્વ. કાકુભા, સ્વ. નારાણજી, સ્વ. દાદુભા (બેંગ્લોર)ના ભાભી, જાડેજા પ્રફુલ્લસિંહ ગોવુભા, જાડેજા મહેન્દ્રસિંહ ગોવુભાના ભાભુમા, વિશ્વદીપસિંહ પ્રફુલ્લસિંહ, ભગીરથસિંહ મહેન્દ્રસિંહના મોટા દાદી, પ્રતિપાલસિંહ વાઘેલા, પરીક્ષિતસિંહ વાઘેલાના નાની તા. ૧-૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૭-૬ના દરબાર ગઢ ડેલી, મંજલ ખાતે.

**નખત્રાણા** : મૂળ કાદિયા નાના મારૂ કરીમાબેન (ઉ.વ. ૯૭) તે સ્વ. મારૂ સાલેભાઈના પત્ની, મારૂ ખમીસાભાઈ (એસટી નિવૃત્ત), રમેશભાઈ (પાણી પુરવઠા), મોહનભાઈ (પાણી પુરવઠા), સ્વ. મારૂ અરાવિંદભાઈ, કેશરબેનના માતા, વિશાલ મારૂ, વિજય મારૂ, આશિષ મારૂ, વિનોદ મારૂ, પીયૂષ મારૂ (પ્રોફેસર), વસંતના દાદી, મારૂ નવીનભાઈ (તલાટી)ના મોટીમા તા. ૨૭-૫ના અવસાન પામ્યા છે. બારસ જાગરણ તા. ૬-૬ના શુક્રવારે તથા પાણી (ઘડાઢોળ) તા. ૭-૬ના શનિવારે સવારે ૮:૩૦ કલાકે નિવાસસ્થાન શાંતિનગર, નખત્રાણા ખાતે.

## માંડવીમાં યુવાનો માટે 'યુવા કૌશલ્ય શિબિર'નું આયોજન

માંડવી : શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટયૂટ,માંડવીના સુવર્ણ જયંતી વર્ષ નિમિતે તા. ૪ જુલાઈ થી ૬ જુલાઈ-૨૦૨૫ (શુક્ર, શનિ, રવિ) દરમ્યાન સંસ્થાના પરિસરમાં ત્રિ દિવસીય 'યુવા કૌશલ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં તજજ્ઞ તરીકે હરેશ ધોળકિયા ઉપસ્થિત રહેશે. જેમાં નેતૃત્વના ગુણો, અભિવ્યકિતનું કૌશલ્ય, વાંચનની કળા, આત્મવિશ્વાસ અને સંકલ્પશકિત વિગેરે વિષયોને આવરી લેવાયા છે. આ શિબિરમાં જોડાવવા માટે ૧૮ થી ૨૫ વર્ષની વયજૂથના યુવાનો ભાગ લઈ શકશે, જેમાં શિબિરાર્થીએ શિબિરના સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે તથા ભોજન-નિવાસની વ્યવસ્થા સંસ્થા ધ્વારા નિઃશુલ્ક કરવામાં આવશે. ભાગ લેવા માટે ગોરધન પટેલ'કવિ અને કપિલ ગોરનો સંપર્ક સાધીને તા. ૩૦/૬/૨૦૨૫ સુધીમાં નામની નોંધણી કરાવવાની રહેશે તેવું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

## કચ્છ કચ્છનોંધ

**પી.સી.વી. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ**

● ભુજ પી.સી.વી. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલમાં ધો. ૯-૧૧ (સાયન્સ) કુમાર અને કન્યા બંને માટે બિલકુલ ફ્રી સમગ વર્ષ દરમિયાન શૂન્ય ફી સાથે પ્રવેશ શરૂ કરેલ છે. માર્કશીટની ઝેરોક્ષ, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, આધારકાર્ડ, બેન્કની પાસબુક, ફોટો સાથે શાળામાં સંપર્ક કરવો વધુ વિગત માટે આચાર્ય ડો. ચેતનભાઈ આઈ. બારમેડાનો સંપર્કકરવો. સમય સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા સુધી.

**સાંધ્યદીપની કાવ્યપાઠની બેઠક**

● ભુજ અહીંની વરિષ્ઠ કવિઓની સંસ્થા સાંધ્યદીપની સ્વરચિત કવિતાનું પઠન કરવા માટેની બેઠક તા. ૬-૬ના સાંજે ૬ વાગ્યે દાદા-દાદી પાર્ક ખાતે મળશે.

**માધાપર મધ્યે આંખનો ફ્રી તપાસ કેમ્પ**

● ભુજ લાયન્સ હોસ્પિટલ દ્વારા માધાપર લોહાણા મહાજનના સહકારથી તા. ૧૨-૬ના ગુરૂવાર સવારે ૯થી ૧૧ ચમનલાલ જેઠાલાલ રામાણી (ભગત) લોહાણા સમાજવાડી, બસ સ્ટેશન પાસે, નવાવાસ, માધાપર મધ્યે ફ્રી આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. મોતિયા તથા વેલના ઓપરેશન લાયન્સ હોસ્પિટલ ભુજ મધ્યે ફ્રી કરી આપવામાં આવશે. માધાપર તેમજ આસપાસના વિસ્તારના લોકોએ લાભ લેવા યાદીમાં જણાવ્યું છે.



"વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ગાંધીધામ શહેરના હોદેદારો, કાર્યકર્તાઓ,શાળા પરિવાર દ્વારા આદર્શ પ્રાથમિક અને માધ્યમિક વિધાલય વોર્ડ ૭ ચારસો કોટર મધ્યે વૃક્ષારોપણ કરવામાં આવ્યું જેમા ગાંધીધામ ભાજપ પ્રમુખ શ્રી વિજયભાઈ પરમાર, મહામંત્રી મહેન્દ્ર જુણેજા , તેજસભાઈ શેઠ , કલ્પેશભાઈ પટેલ, ભરતભાઈ મીરાની, પુનીતભાઈ દુધરેજીયા , વિજયસિંહ જાડેજા, કમલેશભાઈ પરિયાણી, દિપીકાબેન મિતુલભાઈ નાયક , પરેશભાઈ દઈયા , રામ માતંગ , મીત ચૌધરી, સરિતાબેન ભઠર અન્ય કાર્યકર્તાઓ અને શાળાના આચાર્યો શ્રવણ સોલંકી અને મુકેશ ભાઈ મંગનાની સાથે હાજર રહા હતા.



વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણીના ભાગ રૂપે ગાંધીધામ કોર્ટ ના પ્રાંગણ માં વૃક્ષારોપણ કાર્યક્રમ નું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ના. શ્રી મેમણ સાહેબ, શ્રી પંડયા સાહેબ તથા શ્રી પરમાર સાહેબ,બાર એસોસિએશન પ્રમુખ એસ. એસ ગઢવી, સરકારી વકીલ શ્રી રાણા સાહેબ, બાર એસોસિએશન ના ઉપપ્રમુખ શ્રી કિરણ ભાઈ સુરા તથા હોદેદાર શ્રીઓ, ફોરેસ્ટ ઓફિસર શ્રી નિરવદાન ગઢવી, સીનિયર તથા જુનીયર વકીલ શ્રીઓ, કોર્ટ ના રજિસ્ટ્રાર શ્રીઓ, તેમજ અન્ય સ્ટાફ મિત્રો હાજર રહી વૃક્ષારોપણ કરેલ.



ગાંધીધામ સીનિયર સિટીઝન ગ્રુપ દ્વારા પણ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી જે વેળાની તસવીરમાં ગ્રુપના સભ્યો દ્રશ્યમાન થાય છે.

## રત્નકણિકા

કોઇને ખુશી આપવાથી મળેલી ખુશી જ સાચી ખુશી છે. - ગ્રેટ બૂકર

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. દએ-૧૩૯૪, મુ. જીલ્હજ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, જયેષ્ઠ સુદ-૧૧ નિર્જળા એકાદશી (સ્માર્ત), શ્રી ગાયત્રી જયંતિ તા.૬ જૂન ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૯, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૩ આજનો દિવસ સવારે ૧૧:૧૨ ક. સુધી શુભ છે.આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ), રાત્રે ૮:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.

**વૃષભ** – પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.

**મિથુન** – તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.

**કર્ક** – આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.

**સિંહ** – આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.

**કન્યા** – મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.

**તુલા** – સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.

**વૃશ્ચિક** – જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.

**ધન** – હિતશત્રુઓથી સાવચેત રહેવું. તમારા પ્રયત્નો દિપી ઉઠે. સામાજિક કાર્યમાં સફળતા મળે.

**મકર** – પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.

**કુંભ** – મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.

**મીન** – મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.

## નટીયાના છોરાની ટોળકી સામે કરો ગુજસીટોક દાખલ

# – તો જ પૂર્વ કચ્છ–અંજાર–ભચાઉ પટ્ટામાં ધમધમતા તેલચોરીના સુનિયોજીત ષડયંત્ર પર લાગશે બ્રેક..!

**કંડલા બંદરે આવતા તેલના ટેન્કરોમાંથી લુખ્ખીદાદાગીરી પૂર્વક જ તસ્કરી-ચોરીના આયોજનબદ્ધ ષડયંત્રને પાછલા લાંબા સમયથી ધમધમાવાઈ રહ્યા છે : જીગર-નટુ-અમિત, સુમિત સહિતનાઓની સામે થયેલા છે તેલચોરી સહીતના અનેક કેસો : ષડયંત્રના ભાગરૂપે દેશની તિજોરીને નુકસાન પહોચાડાતુ હોય તો ગુજસીટોક જેવો ભારે ભરખમ કાયદો લાગુ કરી જ શકાય છે, આ ટોળકીની સામે ગુજસીટોક નહી લાગુ થાય ત્યાં સુધી તેલચોરી જેવા ગંભીર ગુનાઓને અહી સદંતર ડામવા કપરું જ બની રહેશે**

**ખાટલે મોટી ખોટ : પોલીસતંત્રએ જીગર ઉર્ફે મેહુલ નટુને ઝડપી પાડયો છે તે તો સારી વાત છે, પરંતુ તેની સાથેની ટોળકીમં ઝડપાયેલા ઉપરાંત કોણ કોણ હજુ સંડોવાયેલા છે તે બધાયના નામો રીમાન્ડ દરમ્યાન ખોલાવવા જોઈએ..! તો સુમિત-અમિત-હરભમ, શંભુ, ધ્રુવ(અંજાર) સહિતના પગ તળે રેલો લંબાય : એટલુ માત્ર જ નહી પણ કયા કયા અમુક પાર્કીંગ પ્લોટસમાં ગાડીઓને લાવી અને આ પ્રકારની તેલચોરીને અંજામ અપાતો હતો, તે પાર્કીંગ પ્લોટસ્ને પણ લગાવો તાણા..! : કારણ કે આવા પાર્કિંગ પ્લોટમાં તેલચોરીને સિફતપૂર્વક જો અંજામ અપાઈ જતો હોય તો બીજું શું અહી ઠલવાતું નહીં હોય..?**

**જીગર ઉર્ફે મેહુલ નટુ ઠક્કરની ટોળકીની સામે આટઆટલા તેલચોરીના ગુના હોવા છતા પણ તે આયોજબદ્ધ ષડયંત્ર ચલાવતો જ રહ્યો હતો, તો ખાખીના કયા પલળેલા તત્વો આ ટોળકીને છાવરતા હતા? તેની પણ થવી જોઈએ તપાસ? જીગર સહિતનાઓના ફોન કોલ્સ ડીટેલ-સીજીઆર ડેટા કઢાવો તો ભ્રષ્ટ ખાખીધારીઓના ચહેરા આપોઆપ થઈ જશે બેનકાબ? કારણ કે, ખાખીના વહીવટદારોની સંડોવણી વિના આવી રીતે બિનધાસ્ત તેલચોરીને અંજામ આપી જ ન શકાય..!**

## જીગર પાસેથી તેલ ખરીદનારનો લ્યો ઉધડો? બનાસકાંઠાથી તે કોને કોને આપતો હતો તેલ?

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં ટેન્કરોમાથી જે તેલચોરી કરવામાં આવતી હતી તેનો માલ અંજારના જીગર નટુ ટોળકીના ગોડાઉનોમાં સંગ્રહવામાં આવતો હતો અને ત્યાથી ડીસા-બનાસકાંઠા મોકલાતો હતો તેવુ ખુલવા પામ્યું છે. તો બનાસકાંઠામાં ચોરાઉ તેલ ખરીદનારના કડક ઉધડા લેવા જોઈએ? કેટલા સમયથી ચોરાઉ તેલનો જથ્થો ખરીદામા આવતો હતો? તે ચોરાઉ તલનો જથ્થો બનાસકાંઠાથી કયા કયા સપ્લાય કરતો હતો? આ બધા જ નામો તપાસમાં બહાર લાવવા જ ઘટે.

## જીએસટી એકમ પણ કેમ જીગર ઠક્કર ટોળકીની ન કરે છાનબીન : જીએસટીની થઈ છે મોટી ચોરી?

ગાંધીધામ :અંજાર પોલીસે તેલચોરીના કારસ્તાનની એક મોટી કુખ્યાત ટુકડી પર હાથ નાખ્યો છે અને કાયદાનુ ભાન તેને પણ કરાવાયુ છે. ત્યારે હવે અંજાર પોલીસે આ કેસમાં જીએસટી વિભાગને પણ જાણ કરવી જોઈએ. અને જીગર ટોળકી જેટલા લાંબા સમયથી તેલચોરીને અંજામ આપતી હતી તેનો આંક-સર્વે, આકારણી કાઢી અને તેની પાસેથી જીએસટી પેટેની પણ લાખોની ચોરીની પેનલ્ટી વસુલ કરવી ઘટે. કારણ કે બારોબાર તેલચોરી કરી અને તેનો વેપલો થતો હોવાથી સરકારને ટેક્ષની આવકનો પણ મોટો આર્થીક ધુમ્બો જ અહી પડવા પામી રહ્યો છે.

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં દેશના મહાબંદર પેકીના એક એવા ડીપીએ-કંડલામાં પર અનેકગણી કિંમતી ચીજવસ્તુઓની આયાત નિકાસ કરવામા આવે છે. તેમાં ઓઈલ અને કેમીકલનો પણ મોટો જથથ્થો અહીથી આયાત થાય છ. પોર્ટ પર આવતો કેમીકલનો જથ્થો ટેન્કરો મારફતે રાજયના અન્ય વિસ્તારોમાં તથા કંડલા-ગાંધીધામ આસપાસના પટ્ટામાં ગોડાઉનોમાં રાખવામાં આવતો હોય છે. અહી સંગ્રહ કરવામાં આવતા આ તેલના જથ્થાની કયારેક ટેન્કરમાથી તો કયારેક ગોડાઉનમાથી બિનધાસ્ત તેલચોરી સતત થવા પામતી જ રહેતી હોય છે. જેમાં નટુ, જીગર, અમિત સહીતની ૨૦ શખ્સોની એક મોટી ગેંગ કાર્યરત રહેવા પામી ગઈ હતી અને પાછલા લાંબા સમયથી ટેન્કરોમાથી ચોરી કરી અને તેનો જથ્થો જીગર-નટુનાગોડાઉનોમાં રાખી અને તેને બનાસકાંઠા તથા અમદાવાદમાં ચોરાઉ તેલ ખરીદનારી પાર્ટીઓ સુધી પહોચાડવામા આવતો હોવાનુ એક આયોજનબદ્ધ નેટવર્ક ધમધમી જ રહ્યુ છે. પૂર્વ કચ્છ એસપીશ્રી સાગર બાગમાર, ડીવાયએસપી મુકેશ ચૌધરી અને અંજારના પીઆઈ શ્રીગોહીલની ટીમ દ્વારા આ ટોળકી પર ધોંષ બોલાવતી કાર્યવાહી તો કરી જ દેખાડી છે અને જીગર ઉર્ફે મેહુલ ઠકકર સહિતનાકુખ્યાત તેલચોરીને દબોચી લીધા છે તે કાર્યવાહી આવકારદાય છે પરંતુ આ જ ફરીયાદમાં સમગ્ર ટોળકી સામે નોધાયેલા અગાઉના કિસ્સાઓ તથા ગુનાહિત ઈતિહાસનો આંકડો જોતા ખ્યાલ આવી જ જાય છે કે તેઓ તેલચોરીને આયોજનબદ્ધ રીતે જ ધમધમાવી રહ્યા હતા. લાંબા સમયથી કેટલાય વેપારીઓ ત્રાહીમામ થઈ ગયા હતા. જાણકારો કહી રહ્યા છે કે, હજુ પણ આ ટોળકી અને ગેંગના માત્ ગણ્યાગાઠયા તત્વો જ પકડાયા છે, હકીકતમાં જો પૂર્વ કચ્છ અને અંજારથી લઈ ભચાઉ પટ્ટા સુધી તેલચોરીના સુનિયોજીત ષડયંત્રને બ્રેક લગાડવો હોય તો જીગર ઉર્ફે મેહુલ નટુ ઠકકર, અમિત, સુમિત, હરભમ, ધ્રુવ સહિતના હજુ ૧૫થી વધુ તત્વો આ ગેગમાં સંકળાયેલા છે તેઓને પકડી, તેમના ગુનાહિત ઈતિહાસને જોઈ, અને તેમની સામે ગુજસીટોકના ગુના તળે જ કાર્યવાહી કરવી જોઈએ. પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર

## શાબાશ ટીમ પૂર્વ કચ્છ એસપી : અંજારના પીઆઈ ગોહિલની લાલઆંખ સરાહનીય : જીગર ઠક્કર કઈક કેસમાં છે સંડોવાયેલ!




**પોલીસે માલ ખરીદનારને પણ ઝડપી લીધો : અન્ય બે શખ્સો પકડવાના બાકી : ઝડપાયેલા શખ્સો અગાઉ પણ ચોરી સહિતના બનાવોમાં સંડોવાઈ ચૂકયા છે**

અંજાર : તાલુકાના ભીમાસરમાં આવેલા ઓઈલ એન્ડ સોફ્ટ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉન નં.૧ માથી ખાદ્ય તેલના ડબ્બા ચોરાયા હતા. જેમાં અંજાર પોલીસે છ આરોપીની ધરપકડ કરી ૩.૬૦ લાખના ડબ્બા રિક્વર કર્યા છે. આ ઉપરાંત અન્ય બે શખ્સોની સંડોવણી ખુલવા પામી છે.

ભીમાસર પાસે આવેલા ઓઈલ એન્ડ સોફ્ટ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉન નં.૧માંથી તેલનો જથ્થો ચોરાયો હતો. જે બાબતે ફરિયાદ થયા બાદ અંજાર પોલીસે તપાસ હાથ ધરતા બાતમીના આધારે વરસામેડી આઈમાતા હોટલ સામે અશોક લેલેન્ડ ડાલુ વાહન તથા મોટર સાઈકલ સાથે આરોપી

અનુસંધાન પાના નં.૪ પર

## કચ્છઉદયના અહેવાલની તત્કાળ અસર




સંકુલના સાચા વેપારી-ઉદ્યોગપતિઓને તેલચોર ટોળકીએ ત્રાહીમામ પોકારાવી દીધા હતા, જયા સુધી નટુ-જીગર ટોળકીને નહી દબોચો ત્યા સુધી તેલચોર નહી અટકેનો અહેવાલ આ જ પ્લેટફોર્મ પરથી તા.૦૩-૦૬-૨૦૨૫ના પાના...ન...૮ પર નામ-ઠામ સાથે સચોટ રજુ કરાયો હતો જે બાદ હવે આ તમામની ધરપકડ થવા પામતા તેલચોરીના પ્રકરણમાં

## તેલચોરોની સંપત્તી-અડ્ડાઓ પર બુલડોઝરવાળી કેમ નહી?

### - તો પોર્ટમાંથી થતી ચીજવસ્તુઓની અલગ અલગ ચોરીઓ આપોઆપ જ અટકી જાય

ગાંધીધામ : રાજય સરકા અને ગૃહવિભાગ દ્વારા અસામાજીક તત્વોને ડામવા માટે તેમની આર્થીક કમર જ તોડવામા આવી રહી છે. ઠેર ઠેર કુખ્યાત અને ચમરબંધીઓની મિલ્કતો-ગેરકાયદેસર દબાણો પર લાલઆંખ ભરીકાર્યવાહી થવા પામી રહી છે. એવી જ રીતે હવે કચ્છમાં આ ફાટીને ફુલેકે ગયેલા તેલચોરોની સામે પણ બુલડોજરવાળી કયારે? તેવો સવાલ થવા પામી રહ્યો છે. અવાર નવાર તેલચોરીમાં પકડાઈ રહેલા તેલચોર તત્વોની સામે કેમ કાર્યવાહી કરવામાં નથી આવતી? અવો ભેદભાવ શા માટે રાખવામા આવે છે?

ધારે તો આવા કિસ્સાઓમાં ચોકકસથી તેઓ ગુજસીટોક જેવી ગંભીર કલમો લગાડવાની કાબેલીયત અને હુન્નર ધરાવી રહ્યા છે. આ તત્વોની તેલચોરીના કારસ્તાનની કમર ભાંગી હોય તોગુજસીટોકો હથિયાર ઉગામવુ જ પડશે તેવુ જાણકારો કહી રહ્યા છે.

## લક્ષ્ય પ્રાપ્તિ માટે શિસ્તબદ્ધ પ્રયાસોથી અચૂક મળે સફળતા





**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા બોર્ડ પરીક્ષાના તેજસ્વી છાત્રોનું કરાયું સન્માન : ધોરણ ૧૦ અને ૧૨માં એ-૧ ગ્રેડ મેળવનાર ૭૩૦ વિદ્યાર્થીઓને આઈએએસ અને આઈપીએસ અધિકારીઓના હસ્તે પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરાયા : જિલ્લા કલેકટર આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાએ તેજસ્વી છાત્રોને ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છાઓ સાથે આપી મહત્વની ટિપ્સ**

ભુજ : જીવનમાં ચોક્કસ લક્ષ્ય નિર્ધારિત કરી તેની પ્રાપ્ત કરવા માટે તે દિશામાં નિયમિત અને શિસ્તબદ્ધ પ્રયાસો કરવામાં આવે તો સફળતા અચૂક મળે છે તેવું આજે ભુજના માતૃશ્રી ધનબાઈ પ્રેમજી ગાંગજી કોમ્યુનિટી હોલ સરદાર પટેલ વિદ્યા સંકુલ ખાતે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા આયોજિત તેજસ્વી તારલાના સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છાત્રોની શીખ આપતા સમારંભના અધ્યક્ષ અને કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૫માં લેવાયેલ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં એવન ગ્રેડ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને આજે સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને આયોજિત સમારોહમાં કચ્છનો ૭૩૦ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. જિલ્લા કલેકટર આનંદભાઈ પટેલે તેજસ્વી છાત્રોની સિદ્ધિને બિરદાવી હતી. મુખ્ય અતિથિ અને પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ વિદ્યાર્થીઓની કાર કીર્તીદાન ઘડતર માટેની મહત્વપૂર્ણ ટિપ્સ આપી હતી. જીવનમાં સફળતા માટે એકાગ્રતાપૂર્ણ અભ્યાસ અને નિયમિતતા પર ભાર મૂક્યો હતો. જ્ઞાનમંજરીના હરેશભાઈ ખોખાણી, કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, કે. કે. પટેલ સહિતના મહાનુભાવો એ પોતાના પ્રસંગિક ઉદબોધનમાં કચ્છના તેજસ્વી છાત્રોની સિદ્ધિને બિરદાવી હતી અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. આર.ડી. વરસાણી હાઈસ્કૂલ, ભુજના વિદ્યાર્થીઓએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. સમારોહના અધ્યક્ષ કલેકટર આનંદ પટેલનું જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમાર અને વેલજીભાઈ

અનુસંધાન પાના નં.૫ પર

## મેઘપર બોરીચીમાં બે સ્પાની ધંધાકીય અદાવતમાં યુવતી પર એસીડ એટેક કરાયો

**સ્પાનો સમય પૂર્ણ થયા બાદ આવી મસાજની ડિમાન્ડ કરી હોબાળો કરાયો : મહિલાએ પ્રતિકાર કરતાં આરોપી ભાગી ગયા : પોલીસે બે શખ્સોની ધરપકડ કરી**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં ઠેક ઠેકાણે મસાજના નામે સ્પાના હાટડાઓ ધમધમી ઉઠ્યા છે. સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનો પણ પર્દાફાશ થઈ ચુકયો છે. સ્પા એટલા વધી ગયા છે કે, હવે ધંધાકીય અદાવતમાં હુમલાના બનાવો પણ સામે આવી રહ્યા છે. આ બાબતે મળતી વિગતો મુજબ મેઘપર બોરીચીમાં આવેલા સ્પામાં આ બનાવ બન્યો હતો. ફરિયાદી યુવતીના જણાવ્યા પ્રમાણે નજીકમાં આવેલા એ-૧ સ્પાના પાર્ટનર કલ્પેશ પચાણભાઈ દેસાઈ તથા શબ્બીર બાયડ અને તેના સાગરીતો ફિરોઝ લંઘો, મયુર દિનેશભાઈ ઠક્કર, વસંત કોલી અને અન્ય એક અજાણ્યા ઈસમ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ધંધાકીય મનદુઃખ રાખીને આરોપીઓ ફરિયાદીના સ્પા પર પહોંચ્યા અને બે છોકરીઓ સાથે છેડતી કરી હતી. સ્પાનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં મસાજની ડિમાન્ડ કરી હતી. મેનેજરે ઈન્કાર કરતાં ઝઘડો કરી બે જણાએ મેનેજરના હાથ પકડયા અને એક જણાએ માથાના વાળ ખેંચી કલ્પેશે એસીડ વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં યુવતીએ હાથ છોડાવી ચહેરા પર હાથ આડો દેતા હાથ પર એસીડના છાંટા પડ્યા હતા. રાડારાડી વચ્ચે આરોપીઓ ભાગી ગયા અને જતા જતા શબ્બીરે ધમકી આપી કે, આ વખતે બચી ગઈ છો બીજી વખત આવશું ત્યારે તારો ચહેરો બગાડી નાખશું. અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરીને કલ્પેશ અને મયુરની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે.

શ્રદ્ધાંજલિ/પ્રાર્થનાસભા
જય ગૌ માતા રાધે-રાધે જય ગૌ માતા



સ્વ.કમળાબેન કેશવજી ઠક્કર
(ઉ.વ.૭૮) મૂળ ગામઃ ભદ્રેશ્વર હાલે ગાંધીધામ
પરમ પદ્ પ્રાપ્તિ અર્થે અનંત યાત્રા શરૂ કરી
અમારાથી ચીર વિદાય લીધી એકે ઘડી માઁ તારી પ્રેમાળ, માયાળુ મુર્તિ અમ હૈયે જડી માઁ તારી સ્નેહાળ મનોમુર્તિને પ્રેમના પુષ્પો ચઢાવી અર્પીએ શ્રદ્ધાંજલિ....
આશિષ મળ્યા આપના, હશે કોઈ પૂણ્ય અમારા પૂજ્ય માતુશ્રી આપના ચરણકમળમાં ભાવભરી વંદના....
સદ્દગતની બન્નેપક્ષની પ્રાર્થનાસભા :
તા.૬-૬-૨૦૨૫, શુકવારે સાંજે ૫ થી ૬ કલાકે
સ્થળ : ઝુલેલાલ મંદિર, હોટલ શિવની બાજુમાં, ગાંધીધામ
-:: શોકમગ્ન પરિવાર ::-
સ્વ.કેશવજી દેવકરણ સુંદરજી પરિવાર
પુત્ર : યોગેશ તથા મયુર • પુત્રવધૂ : નિલમ યોગેશ ઠક્કર
પૌત્ર : આનંદ યોગેશ ઠક્કર
શ્રીરાજ જ્વેલર્સ, ગાંધીધામ. મો.૯૮૨૫૨ ૨૫૧૬૫ (સમસ્ત પરિવારના જયશ્રી રાધે)

શ્રદ્ધાંજલી



ભાનુશાલી અ.સૌ. રિદ્ધિબેન નીરવભાઈ નંદા
ઉ.વ.૩૩, સ્વ.તા.૦૪-૦૬-૨૦૨૫
કુદરત રૂઠી કોને કરવી ફરિયાદ વિધાતા એજ કર્યો અન્યાય, કયાં માંગવો ન્યાય, આપની કલ્પી ન શકાય તેવી વિદાય, અમને રડાવી ડાળજુ કંપાવી ગઈ, એક પળમાં જીંદગીની યાદ મુકીને ચાલ્યા ગયા, પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
:: શોકમગ્ન ::
• સાંચીઃ (પુત્રી), ડો. નિરવ નંદા (પતિ)
• શોભનાબેન શંભુભાઈ પ્રાગજી નંદા : સાસુ-સસરા
• સ્વ. અમૃતબેન પૂંજાલાલ ભદ્રા (લોરીયા-માધાપર)
• સ્વ. પરસોતમભાઈ (પી.પી.નંદા, નિવૃત કસ્ટમ અધીક્ષક),
• જયંતીલાલભાઈ, ભગવાનદાસભાઈ અને અનિલભાઈ
• વિપુલ, સ્વ.નીતિન, જીતેન્દ્ર, પુનિત, પ્રફુલ અને રાજેશ : દિયર
• ભકિતબેન ચેતનભાઈ ગોરી (શિરવા-જામનગર)
• ગં.સ્વ. અનિલાબેન હરેશભાઈ વિશનજી મેંગર
• ગં.સ્વ. તારાબેન હિંમતભાઈ વિશનજી
• દિપા વિજય અને હેમાંગી જયેશ હિંમતભાઈ મેંગરઃ ભાઈ-ભાભી
• ઉષાબેન મુકેશભાઈ કટારિયા (ધુણઈ),
• આનંદીબેન કનૈયા જોયસર (શિરવા),
• સાગર,હિના : ભાઈ-બહેન
બન્ને પક્ષની પ્રાર્થનાસભા :- તા.૬-૬-૨૦૨૫, શુકવારે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે સ્થળઃ વાગડ બે ચોવીસી, જૈન સમાજવાડી, આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ, ભુજ